MANOGAT • Year 43 • Issue 13 • 10 October 2024 • Aaso Vad 9, Samvat 2080 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28




# ૭ ઓક્ટોબર ૨૦૦૧
# મારા જેવા કાર્યકર્તાને રાજ્ય વહીવટનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી તે મારી પાર્ટીની મહાનતા હતી
# - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

# ૭ ઓક્ટોબર ૨૦૦૧



**વર્ષ ૨૦૦૧માં આવેલ ભૂકંપ, જે અગાઉ ભીષણ વાવાઝોડાની અસર, એક ભીષણ દુષ્કાળ, અને કોંગ્રેસની દાયકાઓ સુધીની લૂંટ, સામ્પ્રદાયિક તથા જાતિવાદ જેવા કુશાસનની વિરાસત**

## જનશક્તિની શક્તિથી ગુજરાતનું પુનઃનિર્માણ કર્યું


૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ૧૩ વર્ષ સુધી સફળતાપૂર્વક સીએમ પદ સંભાળ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે બંધારણીય પદ રહી જનસેવાનાં ૨૩ વર્ષ પૂરાં કર્યાં છે. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ૧૩ વર્ષ સુધી સફળતાપૂર્વક સીએમ પદ સંભાળ્યા બાદ ૧૦ વર્ષથી પણ વધારે સમયથી તેઓ દેશના વડાપ્રધાન તરીકે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. વડાપ્રધાન તરીકે આ તેમનો ત્રીજો કાર્યકાળ છે. જનસેવા પ્રસંગે ૨૩ વર્ષની સફર પૂરી કરવા પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોશિયલ મીડિયા પર ટ્વિટ મારફતે કેટલીક માહિતી રજૂ કરી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક્સ પર લખ્યું કે સરકારના વડા તરીકે મારા ૨૩ વર્ષ પૂરાં થયાં તે પ્રસંગે આપના આશીર્વાદ અને શુભેચ્છા મોકલનાર સૌ લોકોનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ મેં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા કરવાની જવાબદારી સંભાળી હતી. મારા જેવા કાર્યકર્તાને રાજ્ય વહીવટનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી તે મારી પાર્ટીની મહાનતા હતી. તેમણે વધુમાં લખ્યું કે જ્યારે મેં મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો ત્યારે ગુજરાત અનેક પડકારોનો સામનો કરી રહ્યું હતું. વર્ષ ૨૦૦૧માં આવેલ ભૂકંપ, જે અગાઉ ભીષણ વાવાઝોડાની અસર, એક ભીષણ દુષ્કાળ, અને કોંગ્રેસની દાયકાઓ સુધીની લૂંટ, સામ્પ્રદાયિક તથા જાતિવાદ જેવા કુશાસનની વિરાસત.... જનશક્તિની શક્તિથી ગુજરાતનું પુનઃનિર્માણ કર્યું અને કૃષિ જેવા ક્ષેત્રમાં પણ પ્રગતિની નવી ઊંચાઈ હાંસલ કરી, સામાન્ય રીતે ગુજરાત આ માટે પરંપરાગત રીતે ઓળખ ધરાવતું ન હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે મુખ્યમંત્રી તરીકે મારા ૧૩ વર્ષના સમયગાળા દરમિયાન સૌનો સાથ, સૌનો વિકાસ એક ઉમદા ઉદાહરણ બનીને ઊભરી આવ્યું. જેનાથી સમાજના તમામ વર્ગો માટે સમૃદ્ધિ સુનિશ્ચિત થઈ. વડાપ્રધાન તરીકેની તેમની યાત્રા અંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકાથી અમે આપણા દેશની સામે રહેલા અનેક પડકારોના ઉકેલ મેળવવા માટે સક્ષમ છીએ. ૨૫ કરોડ કરતાં વધારે લોકોને ગરીબીમાંથી બહાર લાવ્યા છીએ અને ભારતને વિશ્વનું ૫મા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનાવ્યું છે અને ખાસ કરીને અમે સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ સેક્ટર અને અન્ય ઘણા ક્ષેત્રોને મદદ મળી છે. અમારા મહેનતુ ખેડૂતો, નારીશક્તિ, યુવાશક્તિ અને ગરીબો સાથે સાથે સમાજના વંચિત વર્ગો માટે સમૃદ્ધિના નવા માર્ગ ખૂલ્યા છે.



Year : 43, Issue : 13, Pages : 28



**તંત્રીસ્થાનેથી**

# હરિયાણાની પ્રજાએ દીપાવલીનો વિશ્વાસદીપ નવરાત્રીમાં જ પ્રગટાવીને સમગ્ર દેશનો સાચો મિજાજ ફરી એક વખત ધૂમધડાકા સાથે પ્રગટ કરી દીધો છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

હરિયાણાની જનતાએ ફરી એક વખત દેશની જનતાનો મિજાજ કમળની કમાલ કરીને ધૂમધડાકા સાથે પ્રગટ કરી દીધો છે. દેશ વિકાસ, હકારાત્મકતા અને પ્રમાણિક મજબૂત નેતૃત્વને ટેકો આપવા સદાય કટિબદ્ધ છે તે બાબત ડંકાની ચોટ પર પુરવાર કરી છે. હરિયાણાની જનતાની ભાજપના કમળ પરની મહોરે વધારે એકવાર સ્પષ્ટ કરી દીધું છે કે - કોંગ્રેસના જ્ઞાતિવાદી, નકારાત્મક, દંભી, તુષ્ટીકરણના રાજકારણને પ્રજા સારી રીતે ઓળખી ગઈ છે અને પ્રજાને કોઈ ભરમાવી શકે તેમ નથી. રાહુલ ગાંધી અને કોંગ્રેસની બાલિશ, ખોખલી અને તીકડમબાજ પ્રપંચલીલાને સૌ સાચી રીતે સમજી ગયા છે અને જડબાતોડ હાર આપીને તેમને બંધારણની સુપેરે સાચી અનુભૂતિ કરાવી દીધી છે.

હરિયાણાના પરિણામે એક બાજુ કોંગ્રેસને તો બીજી બાજુ નરેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ તાયફા કરનારી જમાતને પણ જબરજસ્ત જવાબ આપ્યો છે. આઝાદી પછી સાચી રીતે ૭૦ વર્ષ પછી વિકાસના પાટે ચડેલ દેશની ગાડીને પાટા પરથી ઉતારી નાખવા કારસા રચતાં દેશવિરોધી તત્ત્વોને પણ આ પરિણામોએ ફરી એક વખત ચૂપ કરી દીધા છે. દેશમાં થયેલા આ ચેતનવંતા સંચાર, ઉત્સાહ, ઉમંગ અને રાજનીતિની સાચી દિશાને અપાયેલા આ પડકારાથી હરિયાણાની પ્રજાએ દીપાવલીનો વિશ્વાસદીપ નવરાત્રીમાં જ પ્રગટાવી દીધો છે.

સાથે સાથે ૮૦ના દાયકાથી આતંકવાદીઓની ભૂમિ બની ગયેલા જમ્મુ-કાશ્મીરમાં દાયકાઓ પછી અને કલમ ૩૭૦ની નાબૂદી પછી - સંપૂર્ણ શાંતિ અને નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાવી તે બાબત ન માત્ર ભાજપની લોકશાહી પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવે છે સાથે - સાથે એ બાબત પણ પુરવાર કરે છે કે આ ભારતનો આતંકવાદ સામેનો વિજય પણ છે. અગાઉ ક્યારેય નથી આવી તેટલી ભાજપની સીટો અને એ જ પ્રમાણે અત્યાર સુધીના સૌથી વધારે આપણને મળેલા મતોએ આપણી શ્રદ્ધાને બળવત્તર બનાવી છે. કશ્મીર ઘાટીના મતદારો કટ્ટરતાવાદી વિચારને વળગી રહ્યા તે બાબત તેમની વિચારસરણી વ્યક્ત કરે છે પરંતુ આપણે જમ્મુ-કશ્મીરના વિકાસ, શાંતિ અને સુરક્ષા માટે કટિબદ્ધ છીએ તે બાબત આપણે વધુ ને વધુ પુરવાર કરતા રહીશું.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સએપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# હરિયાણાના લોકોએ કમાલ કરી, કમળ કમળ કરી નાખ્યું – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

**દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં કોંગ્રેસ માટે નો એન્ટ્રીનાં બોર્ડ લાગ્યાં છે**

હરિયાણામાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે સરકાર રચવા માટે જીત મેળવ્યા પછી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં ભાજપનાં કાર્યાલયમાં કાર્યકરોને સંબોધન કર્યું હતું. તેમણે ભાજપને સતત ત્રીજી વખત સરકાર બનાવવાની તક આપતી જીત માટે હરિયાણાની જનતાનો આભાર માન્યો હતો. ભારત માતા કી જયના નાદ સાથે તેમણે સંબોધનની શરૂઆત કરી હતી.

તેમણે કહ્યું કે હમ સબને સુના હૈ કી દૂધ દહીં કા ખાના વૈસા હૈ અપના હરિયાણા. હરિયાણાનાં લોકોએ કમળ ખીલવીને કમલ કમલ કરી દીધું છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે મા કાત્યાયનીની આરાધનાનાં દિવસે ગીતાની ધરતી પર સત્ય, વિકાસ અને સુશાસનની આ જીત છે. જમ્મુ-કાશ્મીરમાં દાયકા પછી ચૂંટણી થઈ છે. જે લોકતંત્રની જીત છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર વધુ સુંદર રીતે ખીલ્યું છે. યુવાનોએ પહેલીવાર મત આપ્યા છે. રાજ્યમાં બંધારણની પુનઃ પ્રતિષ્ઠા કરાઈ છે. વિકસિત ભારતના ચાર સ્તંભ કિસાન, યુવાન, મહિલા અને ગરીબોને સાથે રાખીને વિકસિત ભારતનો સંકલ્પ આગળ વધારાશે. જમ્મુ-કાશ્મીરમાં ભાજપનો વોટ શેર વધ્યો છે તે માટે રાજ્યની જનતાનો આભારી છું. જમ્મુ-કાશ્મીર અને હરિયાણાનો વિકાસ કરવા ભાજપ પ્રતિબદ્ધ છે.

ભાજપના કાર્યકરોને તેમના તપ અને તપસ્યા માટે નમન કરું છું. હરિયાણાની જીત નડ્ડાજીની ટીમ અને કાર્યકરોના પરિશ્રમને આભારી છે. હરિયાણામાં જુઠની ઘુટ્ટી પર વિકાસની ગેરંટી ભારે પડી છે. હરિયાણાની જનતાએ નવો ઇતિહાસ રચ્યો છે. દેશમાં જ્યાં ભાજપની સરકાર બને છે ત્યાં લોકો તેને લાંબા સમય માટે સમર્થન આપે છે. કોંગ્રેસની હાલત ખરાબ થતી જાય છે. ૧૩ વર્ષ પહેલાં આસામમાં કોંગ્રેસે બીજી વખત સરકાર બનાવી હતી. તે પછી તેની સરકાર બની નથી. દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં કોંગ્રેસ માટે નો એન્ટ્રીનાં બોર્ડ લાગ્યાં છે. કોંગ્રેસ ભારતનાં સમાજને કમજોર કરવા માટે સક્રિય છે. અરાજકતા ફેલાવે છે અને કિસાનોને ભડકાવે છે, દલિતો અને પછાતોને ભડકાવે છે. હરિયાણાએ તેને કરારો જવાબ આપ્યો છે. લોકોએ તેના કાવતરાંને જાણી લીધાં છે અને હવે દેશની સાથે છે. ભાજપની સાથે છે. કોંગ્રેસ જાતિ જાતિ વચ્ચે ઝેર ફેલાવે છે. જે લોકો સોનાની ચમચી સાથે જન્મ્યા છે તે ગરીબોને જાતિના નામે લડાવવા માંગે છે.



# ૧૦૦ દિવસ



## લગભગ 15 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ પ્રથમ 100 દિવસમાં શરૂ થયા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની કેન્દ્રની NDA સરકારે 17 સપ્ટેમ્બર, 2024ના રોજ તેના સતત ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ કર્યાં છે. 100 દિવસના ખૂબ જ ટૂંકા ગાળામાં, સરકારે ગરીબોના કલ્યાણ, સુરક્ષા અને દેશનાં ગૌરવ માટે ન માત્ર ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા, સાથે સાથે કલ્યાણકારી પહેલ અને પ્રોજેક્ટ્સ પણ શરૂ કર્યાં.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ

- 100 દિવસમાં રૂ. 3 લાખ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે, જેમાં મુખ્ય ફોકસ રોડ, રેલ, બંદરો અને એરવેઝ છે.
- મહારાષ્ટ્રના વાધવનમાં રૂ.76,200 કરોડના વાધવન મેગા પોર્ટને મંજૂરી, જે વિશ્વના ટોચના 10 બંદરોમાં સામેલ થશે.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-4 (PMGSY-IV) હેઠળ રૂ. 49,000 કરોડની કેન્દ્રીય સહાયથી 25 હજાર બિનજોડાણ ધરાવતાં ગામોમાં જોડાણ માટે મંજૂર 62,500 કિલોમીટરના રસ્તાઓ અને પુલોનું બાંધકામ/અપગ્રેડેશન.
- 50,600 કરોડના ખર્ચે ભારતના રોડ નેટવર્કને મજબૂત કરવા માટે મંજૂર.
- 936 કિમીમાં ફેલાયેલા 08 નેશનલ હાઈ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટને મંજૂરી.
- લદ્દાખને હિમાચલ પ્રદેશ સાથે જોડતી શિન-ખુન-લા ટનલનો શિલાન્યાસ કરવામાં આવ્યો.



## 8 નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટ મંજૂર

- રેલ મુસાફરીને ઝડપી અને સુવિધાજનક બનાવવા માટે 8 નવાં રેલ્વે લાઇન પ્રોજેક્ટને મંજૂરી, જે 4.42 કરોડ માનવ-દિવસની રોજગારીનું સર્જન કરશે.
- વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટના વિકાસ માટે મંજૂરી.
- પશ્ચિમ બંગાળમાં બાગડોગરા અને બિહારમાં બિહતા ખાતે નવાં સિવિલ એન્ક્લેવની મંજૂરી.
- અગાટી અને મિનીકોય ખાતે નવી એરસ્ટ્રીપ્સ પણ બનાવવામાં આવશે.
- બેંગલોર મેટ્રોના તબક્કા-3ની મંજૂરી, પુણે મેટ્રો અને થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટનું વિસ્તરણ.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો બહાર પાડવામાં આવ્યો

- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો બહાર પાડવામાં આવ્યો, 9.3 કરોડ ખેડૂતોને 20,000 કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું.
- અત્યાર સુધીમાં કુલ 12 કરોડ 33 લાખ ખેડૂતોને રૂ. 3.25 લાખ કરોડથી વધુનું વિતરણ કરવામાં આવ્યું છે.
- 2024-25ના ખરીફ પાકો માટે MSPમાં વધારો થયો, જેનાથી ખેડૂતોને લગભગ રૂ. 2 લાખ કરોડનો ફાયદો થયો (12 કરોડ ખેડૂતોને ફાયદો થયો).
- આંધ્રપ્રદેશમાં પોલાવરમ સિંચાઈ પરિયોજના રૂ. 12,100 કરોડમાં મંજૂર.
- ડિજિટલ એગ્રીકલ્ચર મિશન સહિત રૂ. 14,200 કરોડના ખર્ચ સાથે 07 મોટી યોજનાઓને મંજૂરી, જે કૃષિક્ષેત્રમાં કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારશે.
- રાષ્ટ્રીય સ્તરની સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી રાષ્ટ્રીય સહકારી નીતિ અંગેનો ડ્રાફ્ટ રિપોર્ટ પ્રાપ્ત થયો છે; ડ્રાફ્ટ પોલિસી પણ તૈયાર કરવામાં આવી છે અને હવે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.
- નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) અને ઓર્ગેનિક પ્રોડક્ટ્સ કાઉન્સિલ (ઉત્તરાખંડ) વચ્ચે એમઓયુ, NCOL ઉત્તરાખંડના ખેડૂતોની જૈવિક પેદાશોને વળતરના ભાવે ખરીદશે. ખેડૂતોના ખાતામાં સીધા નફાનો વાજબી હિસ્સો.




- મકાઈમાંથી પણ ઈથેનોલના ઉત્પાદન માટે સહકારી ખાંડ મિલોના ઈથેનોલ ઉત્પાદક એકમોનું મલ્ટી ફીડ ઈથેનોલ એકમોમાં રૂપાંતર.

## ડુંગળી અને બાસમતી ચોખામાંથી લઘુતમ નિકાસ કિંમત દૂર કરવામાં આવી છે

- ડુંગળી અને બાસમતી ચોખામાંથી લઘુતમ નિકાસ કિંમત (MEP) દૂર કરવાનો અને ડુંગળી પરની નિકાસ ડ્યૂટી 40%થી ઘટાડીને 20% કરવાનો નિર્ણય.
- ક્રૂડ પામ, સોયા અને સૂર્યમુખી તેલની આયાત પરની ડ્યુટી 12.5%થી વધારીને 32.5% કરવાનો અને તેમના રિફાઈન્ડ તેલ પરની ડ્યુટી 13.75%થી વધારીને 35.75% કરવાનો નિર્ણય.
- કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ સ્કીમનું વિસ્તરણ કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા.
- જમ્મુ અને કાશ્મીરમાં 3,300 કરોડ રૂપિયાથી ઘણી કૃષિ યોજનાઓ અને વિકાસ પરિયોજનાઓ શરૂ થઈ.
- વારાણસીની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન, મોદીજી દ્વારા સ્વ-સહાય જૂથોની 30,000 કૃષિ સખીઓનું કૃષિક્ષેત્રે તેમની ભૂમિકા માટે સન્માન કરવામાં આવ્યું હતું.
- ભારતને હવામાન અને આબોહવાને સ્થિતિસ્થાપક બનાવવા માટે રૂ. 2,000 કરોડનું મિશન મૌસમ મંજૂર કરવામાં આવ્યું.
- AgriSure નામના નવા ફંડની શરૂઆતઃ કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવા અને સ્ટાર્ટ-અપ્સ અને ગ્રામીણ સાહસોને ટેકો આપવા માટે શરૂ કરવામાં આવ્યું.

## મધ્યમ વર્ગને મોટી રાહત

- કર રાહતઃ રૂ. 7 લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં.
- પગારદાર કર્મચારીઓ રૂ. 17,500 સુધીનો ટેક્સ બચાવી શકે છે.
- સ્ટાન્ડર્ડ ડિડક્શન વધીને રૂ. 75,000 થયું.






- કુટુંબ પેન્શનમાં મુક્તિનો અવકાશ વધારીને રૂ. 25,000 કરવામાં આવ્યો.
- આવકવેરાના નિયમોને સંક્ષિપ્ત, સ્પષ્ટ અને સમજવામાં સરળ બનાવવા માટે 6 મહિનામાં વ્યાપક સમીક્ષા.

## સરકારી કર્મચારીઓને સરકારની ભેટ

- યુનિફાઇડ પેન્શન સ્કીમ અમલીઃ 25 વર્ષની સેવા ધરાવતા કર્મચારીઓને સરેરાશ મૂળભૂત પગારના 50% પેન્શન તરીકે મળશે.
- વન રેન્ક, વન પેન્શન (OROP): વન રેન્ક, વન પેન્શન યોજનાની ત્રીજી આવૃત્તિ સુરક્ષા દળો અને તેમના પરિવારો માટે લાગુ કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3 કરોડ મકાનો મંજૂર.
- શહેરી આયોજન હેઠળ 1 કરોડ મકાનો.
- ગ્રામીણ વિસ્તારોમાં 2 કરોડ મકાનો બનાવવાની મંજૂરી.
- (2014થી કુલ (શહેરી+ગ્રામીણ) 4 કરોડ 27 લાખ મકાનો).
- પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાઃ જૂનથી ઓગસ્ટ, 2024 વચ્ચે 2.5 લાખથી વધુ ઘરોમાં સોલર પાવર સિસ્ટમ ઇન્સ્ટોલ કરવામાં આવી છે.
- પીએમ ઈ-બસ સેવા દ્વારા પર્યાવરણને અનુકૂળ સિસ્ટમ બનાવવામાં આવશે, ઈ-બસની ખરીદીને રૂ. 3,400 કરોડની સહાયથી મંજૂરી આપવામાં આવશે.

## વ્યવસાય કરવામાં સરળતા

- સ્ટાર્ટઅપ્સને નાણાકીય રાહત આપવા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે, એન્જલ ટેક્સ, જે 2012થી લાગુ હતો અને સ્ટાર્ટઅપ્સ પર 31% નો બોજ લાદવામાં આવ્યો હતો, તેને નાબૂદ કરવામાં આવ્યો.
- વિદેશી કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ 40%થી ઘટાડીને 35% કરવામાં આવ્યો, જેનાથી ભારત વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક અને રોકાણ માટે આકર્ષક બન્યું.
- વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં ભારતને અગ્રેસર બનાવવા માટે, અવકાશ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સ માટે રૂ. 1000 કરોડનું વેન્ચર કેપિટલ ફંડ બનાવવામાં આવશે.
- GENESIS પ્રોગ્રામઃ ટાયર-II અને Tier-III શહેરોમાં સ્ટાર્ટઅપ્સ માટે Gen-Next Support for Innovation Startups (GENESIS) પ્રોગ્રામને મંજૂરી આપવામાં આવી હતી.
- રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ 12 ઔદ્યોગિક ઝોન બનાવવાની જાહેરાત, જે રોકાણકારોને સુવિધાઓ પૂરી પાડશે અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરશે.
- મુદ્રા લોનની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને રૂ. 20 લાખ કરવામાં આવી, જેનાથી એવા વેપારીઓને ફાયદો થશે જેમણે જૂની લોનની સફળતાપૂર્વક ચુકવણી કરી છે.
- MSME માટે ક્રેડિટ ગેરંટી સ્કીમ શરૂ કરવામાં આવી હતી, જે નાના વેપારીઓને ગેરંટી વિના લોન મેળવવા માટે સક્ષમ બનાવશે અને તેમના માટે મશીનરી અને અન્ય સામાન ખરીદવાનું સરળ બનશે.
- MSMEs અને પરંપરાગત કારીગરો માટે PPP મોડમાં ઈ-કોમર્સ નિકાસ હબ બનાવવામાં આવશે, જે નિકાસ સેવાઓ અને વૈશ્વિક બજારમાં સરળ ઍક્સેસ પ્રદાન કરશે.

## રોજગાર સર્જન પર ભાર: 2 લાખ કરોડ રૂપિયાના PM પેકેજની જાહેરાત

- 2 લાખ કરોડ રૂપિયાના PM પેકેજની જાહેરાત, જે યુવાનોમાં રોજગાર અને કૌશલ્યને વેગ આપશે.
- લક્ષ્યાંકઃ 5 વર્ષમાં 4.1 કરોડ યુવાનોને લાભ આપવાનો.
- ટોચની કંપનીઓમાં 1 કરોડ યુવાનોને ઇન્ટર્નશીપની તકો, ભથ્થાં અને એકમતી સહાય.
- કેન્દ્ર સરકારે 15,000થી વધુ નવી નિમણૂકોની જાહેરાત કરી.
- 20 લાખ યુવાનોને કૌશલ્ય બનાવવાનું લક્ષ્ય, 1,000 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને સુધારવામાં આવશે.
- EPFO હેઠળ આવરી લેવામાં આવતા કર્મચારીઓને 3 હપ્તામાં રૂ. 15 હજાર સુધીની પ્રોત્સાહક રકમ જેઓ






પ્રથમ વખત રોજગાર મેળવી રહ્યા છે.

- 1 લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા કર્મચારીઓને EPFOમાં સરકારી યોગદાનનો લાભ મળે છે.
- 2 વર્ષ માટે રૂ. 1 લાખ સુધીની આવક ધરાવતા નવાં કર્મચારીઓના દરેક વધારા માટે રોજગારદાતાઓને દર મહિને રૂ. 3,000 ની ભરપાઈ.
- ઈ-શ્રમ પોર્ટલનું એકીકરણ, નવાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને રોજગારી પેદા કરવા માટે 12 ઔદ્યોગિક ઝોનનો વિકાસ.
- મૂડીખર્ચ વધારીને રૂ. 11.11 લાખ કરોડ સુધી રોજગાર સર્જન.
- સ્ટાર્ટ-અપ અને MSME માટે નાણાકીય અને કર પ્રોત્સાહનો.
- ખેલો ઇન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન (KIRTI) યોજનાની શરૂઆત.

## સશક્ત મહિલા શક્તિ : 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથો

- દીનદયાળ અંત્યોદય યોજના (DAY-NRLM): 10 કરોડથી વધુ મહિલાઓને સંગઠિત કરવામાં આવી હતી અને તેમની આજીવિકા, ડિજિટલ સાક્ષરતા અને સામાજિક વિકાસ માટે 90 લાખથી વધુ સ્વ-સહાય જૂથો (SHGs) ની રચના કરવામાં આવી હતી.
- લખપતિ દીદી યોજના : શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 11 લાખ નવી લખપતિ દીદીઓને પ્રમાણપત્રો આપ્યા.
- 1 કરોડથી વધુ લખપતિ દીદીઓ દર વર્ષે 1 લાખ રૂપિયાથી વધુ કમાણી કરે છે.
- પ્રવાસન દીદીઓ અને પ્રવાસન મિત્રો દ્વારા એસએચજી અને યુવાનોને પ્રવાસ સાથે જોડ્યા.
- 2,500 કરોડનું સામુદાયિક રોકાણ ભંડોળ બહાર પાડવામાં આવ્યું, જેનાથી 4.3 લાખ SHG ના 48 લાખ સભ્યોને લાભ થશે.
- રૂ. 5,000 કરોડની બેંક લોન બહાર પાડવામાં આવી, 2 લાખ 35 હજાર 400 SHG ના 25.8 લાખ સભ્યોને ફાયદો થયો.

## ઓબીસી, દલિતો, લઘુમતી અને આદિવાસીઓનું સશક્તીકરણ

- પ્રધાન મંત્રી આદિવાસી ઉન્નત ગ્રામ અભિયાન: 63,000 આદિવાસી ગામોનો વિકાસ કરવામાં આવશે, જે 5 કરોડ આદિવાસીઓની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો કરશે.
- નમસ્તે યોજનાનું વિસ્તરણ: સ્વચ્છતા કામદારો સાથે કચરો એકત્ર કરનારાઓને સામેલ કરવા, જે તેમના સામાજિક અને આર્થિક સશક્તીકરણ તરફ દોરી જશે.
- યુનિક ડિસેબિલિટી આઈડેન્ટિટી કાર્ડ્સ: વિકલાંગતા ધરાવતી અનુસૂચિત જનજાતિના વ્યક્તિઓ માટે 3 લાખ ઓળખ કાર્ડ જારી કરવામાં આવ્યાં છે, જેમાં 60 વર્ષ અને તેથી વધુ ઉંમરના વિકલાંગ વ્યક્તિઓ માટેના 1.17 લાખ કાર્ડનો સમાવેશ થાય છે.
- PM SURAJનું વિસ્તરણ: અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગો અને સ્વચ્છતા કામદારો માટે આજીવિકા પ્રવૃતિઓ માટે રાહતદરે લોનની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરશે.
- એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ: 405 સ્કૂલોમાં 1.23 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.
- નવી શાળાઓ અને સ્માર્ટ વર્ગખંડો: 40 નવી શાળાઓ બનાવવામાં આવી હતી અને 110 શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે સ્માર્ટ વર્ગખંડો બનાવવામાં આવ્યા હતા.
- વકફ (સુધારા) બિલ, 2024: વકફ પ્રોપર્ટીના સંચાલન અને રક્ષણ માટે ઓનલાઇન નોંધણી અને દેખરેખ માટે એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જે વિવાદોને ઘટાડશે.

## આયુષ્માન ભારત યોજનાનું વિસ્તરણ

- 70 વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને રૂ. 5 લાખ સુધીનો મફત વીમો, 4.5 કરોડ પરિવારો અને 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને લાભ થશે.
- 75,000 નવી તબીબી બેઠકો ઉમેરવામાં આવી, જે આરોગ્યસંભાળ વ્યવસ્થાને અસરકારક બનાવવામાં અને તબીબી શિક્ષણમાં વિદેશી



અવલંબન ઘટાડવામાં મદદ કરશે.

- નિયમિત રસીકરણને ડિજિટલ કરવા માટે U-WIN પોર્ટલ શરૂ કરવામાં આવ્યું.
- નેશનલ મેડિકલ કમિશન દેશમાં ડૉક્ટરોનું કેન્દ્રીય ભંડાર બનાવવા માટે નેશનલ મેડિકલ રજિસ્ટર તૈયાર કરી રહ્યું છે.
- મહિલાઓ, કિશોરીઓ અને આદિવાસી સમુદાયોમાં સિકલ સેલ રોગ વિશે જાગૃતિ લાવવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી.
- કેન્સરથી પીડિત લોકોના નાણાકીય બોજને ઘટાડવા માટે 3 કેન્સરની દવાઓ પર કસ્ટમ ડ્યુટીમાં મુક્તિ.
- પીએમ ઈ-ડ્રાઈવ યોજનાઃ રૂ. 10,900 કરોડના ખર્ચ સાથે ઇલેક્ટ્રિક એમ્બ્યુલન્સ સુવિધા પૂરી પાડવામાં આવશે.
- ડિજિટલ હેલ્થકેરઃ આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (ABHA) પર 'સ્કેન અને શેર' સુવિધા, જેના દ્વારા 4 કરોડ બહારના દર્દીઓની નોંધણીની સુવિધા આપવામાં આવી હતી.

## ભારત બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ છે

- સ્વદેશી સેમિકન્ડક્ટર સુવિધાઓ સ્થાપિત કરીને ભારત બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બન્યો.
- સેમિકન્ડક્ટરઃ સાણંદ, ગુજરાત ખાતે સેમિકન્ડક્ટર યુનિટની સ્થાપના. 3,300 કરોડના રોકાણ સાથે સ્થપાયેલ, પ્રતિ દિવસ 60 લાખ ચિપ્સની ઉત્પાદનક્ષમતા.
- સ્પેસ સ્ટાર્ટ-અપ્સ માટે રૂ. 1000 કરોડની વેન્ચર કેપિટલ ફંડ સ્કીમ.
- પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ 23 ઓગસ્ટ (ચંદ્રયાન અને મંગલયાનની સફળતા પર) ઉજવવામાં આવ્યો હતો.



- આપત્તિ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય ડેટાબેઝ અને ગ્રામીણ જમીનના રેકોર્ડ માટે ભુવન પંચાયત પોર્ટલ.
- 16 ઓગસ્ટના રોજ SSLV-D3 પર EOS-08 ઉપગ્રહનું સફળ પ્રક્ષેપણ.
- 50 હજાર કરોડ સાથે નેશનલ રિસર્ચ ફંડ, 10,500 કરોડ સાથે 'વિજ્ઞાન ધારા' યોજના.

## 3 નવા કાયદા અમલમાં આવ્યા છે

- 3 નવા કાયદા 1 જુલાઈ, 2024 ના રોજ અમલમાં આવશે, જે વસાહતી યુગના ફોજદારી કાયદાઓને બદલે છે.
- ઇન્ડિયન પીનલ કોડ, ઇન્ડિયન સિવિલ ડિફેન્સ કોડ અને ઇન્ડિયન એવિડન્સ એક્ટઃ ફોરેન્સિક અને ડિજિટલાઈઝેશનના પ્રમોશન દ્વારા સંગઠિત અપરાધ અને આર્થિક ગુનાઓ અને કાયદો અને વ્યવસ્થાને મજબૂત કરવા પર ફોકસ છે.
- આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની, પોર્ટ બ્લેરનું નામ બદલીને શ્રી વિજયપુરમ રાખવામાં આવ્યું.
- અસરકારક ફોજદારી ન્યાય વ્યવસ્થા માટે 'નેશનલ ફોરેન્સિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્હાન્સમેન્ટ સ્કીમ'ની મંજૂરી. નાણાકીય વર્ષ 2024-25થી 2028-29 દરમિયાન કુલ રૂ. 2,250 કરોડનો નાણાકીય ખર્ચ.
- પેપર લીકની સમસ્યાને પહોંચી વળવા માટે જાહેર પરીક્ષાઓ (અયોગ્ય માધ્યમોનું નિવારણ) અધિનિયમ 2024.
- જાહેર ફરિયાદોના નિવારણ માટે CPGRAMS માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

## પૂર્વોદય યોજના

- પૂર્વોદય યોજનાઃ બિહાર, ઓડિશા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશનાં સર્વાંગી વિકાસ માટેની યોજના.
- અર્બન ફ્લડ મેનેજમેન્ટ, ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ રિસ્ક મિટિગેશન માટે રૂ. 6,350 કરોડના પ્રોજેક્ટ્સ.
- લદ્દાખમાં 5 નવા જિલ્લાઓ (ઝાંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગ), કુલ જિલ્લાઓઃ 7 (લેહ અને કારગીલ સહિત).
- 25મી જૂન 'બંધારણ હત્યા દિવસ' છે.



## ઊર્જા સુરક્ષા

- નોર્થ-ઈસ્ટમાં રૂ. 4,100 કરોડના હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટને મંજૂરી.
- રાજ્ય સંસ્થાઓ અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો વચ્ચે સંયુક્ત સાહસ સહકાર.
- VGF (વાયબિલિટી ગેપ ફંડિંગ) યોજના હેઠળ રૂ. 12,400 કરોડથી વધુ મૂલ્યના હાઇડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટની મંજૂરી.
- 7450 કરોડની કિંમતના ઑફ-શોર પવન ઊર્જા પ્રોજેક્ટને મંજૂરી.
- નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનઃ ઇલેક્ટ્રોલાઈઝર મેન્યુફેક્ચરિંગ માટે આપવામાં આવેલ બીજો તબક્કો, આ ઘરેલુ ઇલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન ક્ષમતા પ્રતિ વર્ષ 1.5 GW સુધી લઈ જશે.
- વૃક્ષારોપણ અને પર્યાવરણ પુનઃસ્થાપન માટે PSUs માટે ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામનો પ્રારંભ. આ દિશામાં ભારતમાં તબક્કો-III (FAME-III) યોજનામાં ઇલેક્ટ્રિક વાહનોના ઝડપી દત્તક અને ઉત્પાદન.
- જી-વાન યોજનાઃ અદ્યતન બાયોફ્યુઅલને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી જી-વાન યોજના.

## વિદેશ નીતિ

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયા અને યુક્રેનની મહત્ત્વપૂર્ણ મુલાકાત.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીની રશિયા અને યુક્રેનની મહત્ત્વની મુલાકાતો, ઇટાલીમાં G-7 સમિટમાં સહભાગિતા.
- રશિયાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલ' સન્માન.
- રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને ફિજીના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઑફ ફિજી' અને તિમોર લેસ્ટેના 'ઓર્ડર ઑફ તિમોર લેસ્ટે'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- બ્રુનેઈ દારુસલામમાં સિંગાપોર અને ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત.
- ભારતીય વડાપ્રધાન દ્વારા 41 વર્ષ પછી ઓસ્ટ્રિયા અને 45 વર્ષ પછી પોલેન્ડની મુલાકાત.
- ભારતે 120થી વધુ દેશો સાથે ત્રીજી 'વોઈસ ઓફ ગ્લોબલ સાઉથ' સમિટની યજમાની કરી.



- પ્રથમ વખત, યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સમિતિની બેઠક ભારતમાં યોજાઈ હતી.

## આપત્તિ વ્યવસ્થાપન

- ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005માં સુધારો કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન (સુધારા) બિલ, 2024 લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.
- શહેરી પૂર વ્યવસ્થાપન, અગ્નિશમન સેવાઓ, ગ્લેશિયર લેક ફાટી નીકળવાના શમન, પૂર અને અન્ય આપત્તિઓ માટે રાજ્યોને રૂ. 12,554 કરોડ મંજૂર. ('નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ', 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ', 'સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ' અને 'સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ' હેઠળ).
- ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS 2.0) રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ કરવામાં આવી છે.
- આંધ્ર પ્રદેશમાં પૂર માટે નિષ્ણાત ટીમની રચના.

## સુરક્ષાઃ NLFT અને ATTF સાથે શાંતિ કરાર

- 4 સપ્ટેમ્બરના રોજ, NLFT અને ATTF સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેનાથી 35 વર્ષના સંઘર્ષનો અંત આવ્યો હતો. આ અંતર્ગત 328 સશસ્ત્ર કાર્યકર્તાઓ હિંસા છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાયા હતા.
- MANAS હેલ્પલાઇનનો પ્રારંભ.
- સાયબર ક્રાઈમ સાથે કામ કરતા તમામ હિતધારકો માટે 'સમન્વય' પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે.
- આગામી 5 વર્ષમાં 5 હજાર સાયબર કમાન્ડ બનાવવામાં આવશે.
- સાયબર ગુનાઓની જાણ કરવા માટે CyberDost મોબાઇલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી.
- બેંકો અને નાણાકીય મધ્યસ્થીઓના સહયોગથી I4C ખાતે અત્યાધુનિક 'સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટર' (CFMC) ની સ્થાપના કરવામાં આવી હતી.
- શંકાસ્પદ રજિસ્ટ્રીઃ મોબાઇલ નંબર, URL/વેબસાઇટ્સ, IMEI અને અન્ય ઓળખકર્તાઓની શંકાસ્પદ રજિસ્ટ્રી બનાવવામાં આવી છે.



# શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની સફળ સર્વગ્રાહી વિકાસયાત્રાના ૨૩ વર્ષની સફળતાની ઉજવણીના વિકાસ સપ્તાહનો પ્રારંભ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ - મુખ્ય સચિવશ્રી તથા વરિષ્ઠ સચિવશ્રીઓ અને અધિકારીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના 14માં મુખ્યમંત્રી તરીકે તા. 7 ઓક્ટોબર, 2001ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની 2001થી 2024 સુધીની 23 વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા. 07 થી 15 ઓક્ટોબર સુધી થનારા "વિકાસ સપ્તાહ"ની ઉજવણીનો પ્રારંભ ભારત વિકાસ પ્રતિજ્ઞાથી થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ - મુખ્ય સચિવશ્રી તથા વરિષ્ઠ સચિવશ્રીઓ અને અધિકારીઓએ વિધાનસભા પોડિયમમાં યોજાયેલા સામુહિક પ્રતિજ્ઞા પઠનમાં જોડાઈને "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લીધી હતી. દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી.

**હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..**

- **મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.**
- **હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.**
- **હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.**
- **હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.**
- **જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.**
- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.**

## ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્કનો શતાબ્દી મહોત્સવ યોજાયો



# સહકારિતા જ એવું આર્થિક મોડલ છે કે જેમાં તમામના હિતનો ખ્યાલ રાખવામાં આવે છે – શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્કનો શતાબ્દી મહોત્સવ યોજાઈ ગયો હતો.

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે કહ્યું હતું કે એક પ્રકારે કોઈપણ સંસ્થા અનેક ઉતાર ચડાવ જોઈને સાતત્યપૂર્ણ રીતે સો વર્ષ પુરાં કરે તે ખૂબ મહત્ત્વની વાત કહેવાય. સહકારી સંસ્થા કે જેનો ઉદ્દેશ સમાજના અનેક નાના નાના લોકોનો સામૂહિક ઉત્કર્ષ કરવાનો હોય તેવી આ એડીસી બેંકના તમામ સંચાલક મંડળને શ્રી અમિતભાઈ શાહે હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી અમિતભાઈ શાહે મહાન સ્વાતંત્ર્ય સેનાની, ઉત્કૃષ્ટ દેશભક્ત અને સંસ્કૃતના પ્રખર પંડિત શ્રી શ્યામજી કૃષ્ણ વર્માને શ્રદ્ધાંજલિ પાઠવતાં કહ્યું હતું કે શ્રી વર્માએ વિદેશમાં રહીને ભારતની આઝાદી માટે આહલેક જગાવી અને એવું વીલ બનાવ્યું કે પોતાના મૃત્યુ બાદ જ્યાં સુધી દેશ આઝાદ ન થાય ત્યાં સુધી તેમના અસ્થિઓ દેશમાં લઈ જવામાં ન આવે. તેઓએ કહ્યું કે એડીસી બેંકના આ સો વર્ષ એક પ્રકારે અમદાવાદ જિલ્લાના ખેડૂતોના ઉત્કર્ષના સો વર્ષ છે. દસક્રોઈમાં એક ખૂબ નાનકડી સંસ્થા સ્વરૂપે શરૂ થયેલી આ બેંક આજે દેશની સૌથી મજબૂત બેંક તરીકે ઊભરી આવી છે. વર્તમાનમાં 100 કરોડનો નફો, સાડા છ હજાર કરોડનું ધિરાણ અને ઝીરો એન પી એ સાથે આ નાનું અમથું બીજ મોટું વટ વૃક્ષ બન્યું છે. આ બેંકે સો વર્ષ દરમિયાન અનેક સહકારી મંડળીઓ, ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં અજવાળું પાથર્યું છે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે આ બેંકની સ્થાપના થઈ ત્યારે ખેડૂતો માટે કોઈ વ્યવસ્થા ન હતી ખેડૂતો શાહુકારોના ધિરાણ પર નિર્ભર હતા અને જો ખેડૂત ધિરાણ ન ચૂકવી શકે તો તે ખેડૂતમાંથી ખેતમજૂર બની જતા હતા. તેઓએ કહ્યું કે મહાત્મા ગાંધીજીએ સરદાર પટેલને ગુજરાતમાં સહકારી ક્ષેત્રની શરૂઆત કરવા વાત કરી અને બાદમાં ત્રિભોવનદાસ પટેલ સહિતના અનેક મહાનુભાવોએ સતત મહેનત કરી આ ક્ષેત્રને આગળ વધાર્યું. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે વિશ્વમાં અનેક પ્રકારના અર્થતંત્રના મોડેલ મોજૂદ છે પરંતુ તે તમામમાં વિકાસનું પેરામીટર માત્ર આર્થિક વિકાસ રહેલો છે. ખાલી આર્થિક વિકાસથી દેશની પ્રગતિ ન થઈ શકે જ્યાં સુધી 130 કરોડ જેટલી જનતાની સુખાકારીની ચિંતા ન થાય ત્યાં સુધી આર્થિક મોડેલ સફળ ન થાય



# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના પ્રયાસોથી સહકારી ક્ષેત્રે ગુજરાત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને ગ્રોથ તરફ આગળ વધી રહ્યું છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટર ટેક્નોલોજીનો લાભ લઈને સંચાલનમાં પારદર્શિતા સાથે વિકાસ કરી શકે તેવો આજનો સુવર્ણ સમય છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરના સસ્ટેનેબલ ગ્રોથ માટે સફળ પરિણામદાયી પ્રયાસો હાથ ધરાયા છે. કો-ઓપરેટિવ બેન્કિંગથી લઈને PACS સુધી દરેક ક્ષેત્રે 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા સહકાર સેતુ-૨૦૨૪ મેગા ઈવેન્ટ તથા વેસ્ટ ઈન્ડિયા અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ ફેડરેશન દ્વારા યોજાયેલા આ સમિટમાં સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તેમજ કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરના વરિષ્ઠ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭માં કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરથી લઈને સામાન્યમાં સામાન્ય માનવીના આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટેના દરેક સેક્ટરમાં વડાપ્રધાનશ્રીએ ટેક્નોલોજી ટ્રાન્સફોર્મેશન અને ટ્રાન્સપરન્સીનો વ્યૂહ અપનાવ્યો છે. એજ પરિપાટીએ દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈએ કો-ઓપરેટિવ બેન્ક પણ વિશ્વ કક્ષાની સેવાઓ આપવા સક્ષમ બને તે માટે ટેક્નોલોજી અપગ્રેડેશન દ્વારા સહકારી બ્રાન્ડ તરીકે ''પ્રાઉડલી કો-ઓપરેટિવ''ના મંત્રથી બેન્કિંગ સેક્ટર આગળ વધી શકે તેવા એપ્રોચને પ્રોત્સાહન આપ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના કાર્યકાળમાં સમગ્ર દેશ સહકાર ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ-અમિતભાઈની જોડીએ ગુજરાતના સહકારી ક્ષેત્રનો બે દાયકામાં ક્રાન્તિકારી વિકાસ કરીને સમય સાથે નહિ, પરંતુ સમય કરતાં બે ડગલાં આગળ ચાલતું કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અર્બન કો-ઓપરેટિવ બેંકોના પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (PSL) લક્ષ્યો હાંસલ કરવા માટે સમય મર્યાદામાં વધારો કરી આપ્યો છે. દેશની અંદાજે ૧,૫૦૦ જેટલી શહેરી સહકારી બેંકોને IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશનલ સહયોગ પૂરો પાડવાનું કાર્ય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ કરી રહ્યા છે. આ માટે શહેરી સહકારી બેંકિંગ સેક્ટરના વિકાસ માટે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન તરીકે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NUCFDC)ની રચના કરી છે તેની ભૂમિકા પણ તેમણે આપી હતી. ધિરાણ આપતી વખતે ચોક્કસ માપદંડને અનુસરતી નાના માણસની મોટી બેંક એટલે કે, સહકારી બેંકોમાં નહિવત NPAના પરિણામે આ બેંકો આજે પ્રગતિની સાથે ડબલ નફો કરી રહી છે તે આપણા માટે ગૌરવ સમાન છે તેમ પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.



'માસ પ્રોડક્શનને બદલે પ્રોડક્શન બાય માસ' એ ગુજરાતમાં દૂધ ઉત્પાદન અને સહકારી ક્ષેત્રની આગવી ઓળખ બન્યું છે. રાજયના દૂધ ઉત્પાદકોને દૈનિક રૂ. ૧૫૦ કરોડથી વધુની ચુકવણી ડીબીટીના માધ્યમથી કરવામાં આવે છે. ગુજરાતમાં કો-ઓપરેટિવ બેન્કનું નેટવર્ક ઘણું મોટું છે અન્ય રાજ્ય કરતા ગુજરાતની અર્બન બેંકો નાણાકીય રીતે સધ્ધર છે. ગુજરાતમાં ૨૧૧ અર્બન કો-ઓપરેટિવ બેંકની ૧,૧૩૮ જેટલી શાખા કાર્યરત છે. જેમાં અંદાજે રૂ. ૮૪,૫૩૧ કરોડની ડિપોઝિટ અને રૂ. ૫૨,૩૩૩ કરોડનું ધિરાણ આપેલું છે આ બેંકો અંદાજે રૂ.૧,૩૦૦ કરોડનો નફો કરી રહી છે. ટેકનોલોજીથી સજ્જ અર્બન કો-ઓપરેટિવ બેંકોમાં મોબાઈલ બેન્કિંગ યુપીઆઈથી ટ્રાન્જેક્શન તથા નેટ બેન્કિંગ જેવી અનેક સેવાઓ આપવામાં આવે છે. ભારતને વિશ્વની સૌથી મોટી પાંચમી આર્થિક મહાસત્તા બનાવવા માટે દૂધ ઉત્પાદક-સહકારી ક્ષેત્રએ મોટું યોગદાન આપ્યું છે. આપણે કો-ઓપરેટિવ સેક્ટરને વધુ મજબૂત કરી ખેડૂતની આવકને ડબલ કરી ભારતની ઇકોનોમીને પાંચ ટ્રિલિયન સુધી પહોંચાડી એક વિકસિત દેશ બનાવવાનો છે.

ગુજરાત સહિત ભારતમાં ૧,૪૮૦ જેટલી સહકારી બેંકો કાર્યરત છે ત્યારે આવનારી સદી અર્બન કો-ઓપરેટિવ બેંકની સદી હશે. આ ક્ષેત્ર ભારતને વિકસિત ભારતની દિશામાં આગળ લઈ જવા મહત્ત્વનો ભાગ ભજવશે. આ ઉપરાંત તેમણે આ એક દિવસીય સમિટ દરમિયાન ૬૦ જેટલી વિવિધ ટેકનોલોજી કંપનીઓની મદદથી બેન્કિંગ ક્ષેત્રે ઉપયોગી સાઈબર સુરક્ષા સહિતની ટેકનોલોજી વિશે યોજાનારા વિવિધ સત્રોની વિગતવાર માહિતી આપી હતી. નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ-NUCFDC આયોજિત આ સહકાર સેતુ સમિટ દરમિયાન આઉટ-સ્માર્ટિંગ ધ સ્માર્ટર : હાઇપર ડિજિટલ બેંકિંગના સમયમાં સાયબર સુરક્ષાનું મહત્ત્વ, નવીન અને સ્માર્ટ બેન્કિંગ દ્વારા ભવિષ્યનું નિર્માણ જેવા વિષયો પર વિવિધ તજજ્ઞોની ઉપસ્થિતિમાં પેનલ ડિસ્કશન યોજાશે.

તેનો જવાબ આ સહકારિતા ક્ષેત્રની ચળવળમાં પડેલો છે. સહકારિતા ક્ષેત્રની જેટલી જરૂરિયાત ૧૦૦ વર્ષ પહેલાં હતી તેના કરતાં અનેકગણી વધુ જરૂરિયાત આજે મહેસૂસ થઈ રહી છે.

શ્રી અમિતભાઈ શાહે અમૂલનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે અમૂલે 35 લાખ બેહનોને રોજગારી અને ₹60,000 કરોડના ટર્ન ઓવરથી દરેક બહેનોના જીવનમાં ઉજાસ પાથરી રહ્યું છે. તેઓએ પોતાના એડીસી બેંકના ચેરમેન વખતનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે એ વખતે સૌ કહેતા કે એડીસી બેંક એ નાના માણસોની મોટી બેંક અને આ મંત્રને બેંકે સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. 70 વર્ષોથી દેશમાં સહકારીના અલગ મંત્રાલયની માંગ ઊઠી હતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રણ વર્ષ પહેલા સ્વતંત્ર સહકારિતા મંત્રાલયની સ્થાપના કરી આ આંદોલનમાં નવા પ્રાણ ફૂંકવાનું કામ કર્યું છે. તેઓએ એડીસી બેંકમાં કામ કર્યું હોવાની વાતને સૌભાગ્યશાળી માનતા કહ્યું હતું કે તેમના કાર્યકાળમાં એક જ વર્ષમાં બેંક નફો કરતી થઈ હતી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારે સેવા સહકારી મંડળીઓને મજબૂત બનાવવા માટે અનેકવિધ પગલાંઓ લીધા છે આ મંડળીઓ ગોડાઉન, કોમ્પ્યુટરાઈઝેશન, ઝીરો વ્યાજે લોન, ગેસ સિલિન્ડરનું વિતરણ, પેટ્રોલ પંપ અને સસ્તા અને દુકાન જેવી સુવિધાઓ શરૂ કરી શકે તે માટે સક્ષમ બનાવાઈ છે. આજે સમગ્ર દેશમાં મોડેલ બાયોલોઝ અમલમાં આવતાની સાથે જ તમામ પેક્સ એક જ સિસ્ટમથી ચાલતા થયા છે.

શ્રી અમિતભાઈ શાહે અંતમાં કહ્યું હતું કે ગુજરાતમાં સહકારી આંદોલન ખૂબ વેગવંતુ બન્યું છે 6000 કરોડની ડિપોઝિટ, 24 લાખ બેન્ક એકાઉન્ટ અને 80 લાખ ક્રેડિટ કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા છે. તેઓએ આરોગ્ય, શિક્ષણ અને પોષણ જેવા પાસાઓમાં બધી જ સહકારી સંસ્થાઓ આગળ આવી અને સેવાની સરવાણી વહેતી કરે તે માટે અનુરોધ પણ કર્યો હતો. અમદાવાદ જિલ્લો સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રે મોડેલ જિલ્લો બને તે માટે સામૂહિક પ્રયાસો આદરવા પણ શ્રી અમિતભાઈ શાહે અપીલ કરી હતી.





# ‘મન કી બાત’ની આપણી આ યાત્રાનાં 10 વર્ષ

મારા વ્હાલા દેશવાસીઓ, નમસ્કાર. ‘મન કી બાત’માં એક વાર ફરી આપણને જોડાવવાનો અવસર મળ્યો છે. આજનો આ episode મને ભાવુક કરનારો છે, મને ઘણી જૂની યાદોથી ઘેરી રહ્યો છે – કારણ એ છે કે ‘મન કી બાત’ની આપણી આ યાત્રાને 10 વર્ષ પૂરા થઈ રહ્યાં છે. 10 વર્ષ પહેલાં ‘મન કી બાત’નો પ્રારંભ 3 ઓક્ટોબરના વિજયાદશમીના દિવસે થયો હતો અને આ કેટલો પવિત્ર સંયોગ છે, કે આ વર્ષે 3 ઓક્ટોબરે જ્યારે ‘મન કી બાત’ને 10 વર્ષ પૂરાં થશે, ત્યારે, નવરાત્રિનો પહેલો દિવસ હશે. ‘મન કી બાત’ની લાંબી યાત્રાના કેટલાય એવા પડાવ છે, જેને હું ક્યારેય ભૂલી નહિ શકું. ‘મન કી બાત’ના કરોડો શ્રોતાઓ આપણી આ યાત્રાના એવા સાથી છે, જેમનો મને નિરંતર સહયોગ મળતો રહ્યો છે. દેશના ખૂણે-ખૂણે તેમણે જાણકારી ઉપલબ્ધ કરાવી. ‘મન કી બાત’ના શ્રોતાઓ જ આ કાર્યક્રમના ખરા સૂત્રધાર છે. સામાન્ય રીતે એક એવી ધારણા ઘર કરી ગઈ છે કે જ્યાં સુધી ચટપટી વાતો ન હોય, નકારાત્મક વાતો ન હોય ત્યાં સુધી તેને વધુ ધ્યાન નથી મળતું. પરંતુ ‘મન કી બાત’એ સાબિત કર્યું છે કે દેશના લોકોમાં positive માહિતીની કેટલી ભૂખ છે. Positive વાતો, પ્રેરણાથી ભરી દેનારાં ઉદાહરણો, હિંમત આપનારી ગાથાઓ, લોકોને ખૂબ પસંદ આવે છે. જેમ એક પક્ષી હોય છે ‘ચાતક’ જેના માટે કહેવાય છે કે તે માત્ર વરસાદનાં ટીપાં જ પીએ છે. ‘મન કી બાત’માં આપણે જોયું કે લોકો પણ ચાતક પક્ષીની જેમ, દેશની સિદ્ધિઓને, લોકોની સામૂહિક સિદ્ધિઓને, કેટલા ગર્વથી સાંભળે છે.

**‘મન કી બાત’ની આ સમગ્ર પ્રક્રિયા મારે માટે એવી છે, જાણે મંદિર જઈને ઈશ્વરનાં દર્શન કરવાં**

‘મન કી બાત’ની 10 વર્ષની યાત્રાએ એક એવી માળા તૈયાર કરી છે, જેમાં, દરેક episodeની સાથે નવી ગાથાઓ, નવાં કીર્તિમાન, નવાં વ્યક્તિત્વ જોડાઈ જાય છે. આપણા સમાજમાં સામૂહિકતાની ભાવના સાથે જે પણ કામ થઈ રહ્યા છે, તેને ‘મન કી બાત’ દ્વારા સન્માન મળે છે. મારું મન પણ ત્યારે ગર્વથી ભરાઈ જાય છે, જ્યારે હું ‘મન કી બાત’ માટે આવેલી ચિઠ્ઠીઓ વાંચું છું. આપણા દેશમાં કેટલા પ્રતિભાવાન લોકો છે, તેમનામાં દેશ અને સમાજની સેવા કરવાનો કેટલો જુસ્સો છે. તેઓ લોકોની નિઃસ્વાર્થ ભાવથી સેવા કરવામાં પોતાનું આખું જીવન સમર્પિત કરી દે છે. તેમના વિષે જાણીને હું ઊર્જાથી ભરાઈ જાઉં છું. ‘મન કી બાત’ની આ સમગ્ર પ્રક્રિયા મારે માટે એવી છે, જાણે મંદિર જઈને ઈશ્વરના દર્શન કરવાં. ‘મન કી બાત’ની દરેક વાતોને, દરેક ઘટનાઓને, દરેક ચિઠ્ઠીઓને યાદ કરું છું તો એવું લાગે છે કે હું જનતા જનાર્દન, જે મારા માટે ઈશ્વરનું સ્વરૂપ છે તેમનાં દર્શન કરી રહ્યો છું.

## દેશની સામૂહિક શક્તિને, આપણે સૌ, આ જ રીતે celebrate કરતા રહીએ

સાથીઓ, હું આજે દૂરદર્શન, પ્રસાર ભારતી અને All India Radio સાથે સંકળાયેલા તમામ લોકોની પણ પ્રશંસા કરીશ. તેમના અથાગ પ્રયત્નોથી 'મન કી બાત' આ મહત્ત્વપૂર્ણ પડાવ પર પહોંચ્યો છે. હું વિવિધ TV channelsનો, Regional TV channelsનો પણ આભારી છું જેમણે નિરંતર તેને પ્રસારિત કર્યો છે. 'મન કી બાત' દ્વારા આપણે જે મુદ્દાઓને ઉઠાવ્યા, તેને લઈને ઘણા Media House એ ઝુંબેશ પણ ચલાવી. હું Print Mediaને પણ ધન્યવાદ આપું છું કે તેમણે તેને ઘરે-ઘરે પહોંચાડ્યો. હું એ YouTubersને પણ ધન્યવાદ આપીશ કે જેમણે 'મન કી બાત' પર ઘણા કાર્યક્રમો કર્યા. આ કાર્યક્રમોને દેશની 22 ભાષાઓની સાથે 12 વિદેશી ભાષાઓમાં પણ સાંભળી શકે છે. મને સારું લાગે છે જ્યારે લોકો એમ કહે છે, કે તેમણે 'મન કી બાત' કાર્યક્રમને પોતાની સ્થાનીય ભાષામાં સાંભળ્યો. તમારામાંથી ઘણા લોકોને એ ખબર હશે કે 'મન કી બાત' કાર્યક્રમ પર આધારિત એક Quiz competition પણ ચાલી રહી છે, જેમાં કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. Mygov.inમાં જઈને તમે આ competitionમાં ભાગ લઈ શકો છો અને ઇનામ પણ જીતી શકો છો. આજે આ મહત્ત્વપૂર્ણ પડાવ પર, હું એક વાર ફરી તમારા સૌના આશીર્વાદ માંગું છું. પવિત્ર મન અને પૂર્ણ સમર્પણ ભાવથી, હું આવી જ રીતે, ભારતના લોકોની મહાનતાનાં ગીત ગાતો રહું. દેશની સામૂહિક શક્તિને, આપણે સૌ, આ જ રીતે celebrate કરતાં રહીએ – આ જ મારી ઈશ્વરને પ્રાર્થના છે, જનતા-જનાર્દનને પ્રાર્થના છે.

## જળ-સંરક્ષણ

મારા પ્રિય દેશવાસીઓ, પાછલાં કેટલાંક અઠવાડિયાંથી દેશના અલગ-અલગ ભાગોમાં જબરદસ્ત વરસાદ થઈ રહ્યો છે. વરસાદની આ ઋતુ, આપણને યાદ અપાવે છે કે 'જળ-સંરક્ષણ' કેટલું જરૂરી છે, પાણી બચાવવું કેટલું જરૂરી છે. વર્ષાઋતુમાં બચાવેલું પાણી, જળસંકટના મહિનાઓમાં ખૂબ મદદ કરે છે, અને આ જ 'Catch the Rain' જેવાં



અભિયાનોની ભાવના છે. મને ખુશી છે કે પાણીના સંરક્ષણને લઈને કેટલાય લોકો નવી પહેલ કરી રહ્યા છે. આવો જ એક પ્રયાસ ઉત્તર પ્રદેશનાં ઝાંસીમાં જોવા મળ્યો છે. તમે જાણો જ છો કે ઝાંસી બુંદેલખંડમાં છે, જેની ઓળખાણ જ પાણીની તંગી સાથે જોડાયેલી છે. અહીંયાં ઝાંસીમાં કેટલીક મહિલાઓએ ઘુરારી નદીને નવું જીવન આપ્યું છે. આ મહિલાઓ Self help groupની સાથે જોડાયેલી છે અને તેમણે 'જળ-સહેલી' બની આ અભિયાનનું નેતૃત્વ પણ કર્યું છે. આ મહિલાઓએ મૃતપ્રાય થઈ ચૂકેલી ઘુરારી નદીને જે રીતે બચાવી છે, તેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. આ જળ-સાહેલીઓએ બોરીઓમાં રેતી ભરીને ચેકડેમ (check dam) તૈયાર કર્યો, વરસાદના પાણીને વેડફાતું રોક્યું અને નદીને પાણીથી ભરપૂર કરી દીધી. આ મહિલાઓએ સેંકડો જળાશયોના નિર્માણ અને તેમના Revivalમાં પણ આગળ પડતો સહકાર આપ્યો. તેનાથી આ ક્ષેત્રના લોકોની પાણીની સમસ્યા તો દૂર થઈ જ છે, તેમના ચહેરા ઉપર, ખુશીઓ પણ પાછી ફરી છે.

સાથીઓ, ક્યાંક નારી-શક્તિ, જળ-શક્તિને આગળ વધારે છે તો ક્યાંક જળ-શક્તિ પણ નારી-શક્તિને મજબૂત કરે છે. મને મધ્યપ્રદેશનાં બે ખૂબ જ પ્રેરણાદાયી પ્રયાસોની જાણકારી મળી છે. અહીંયાં ડીંડોરીના રયપૂરા ગામમાં એક મોટા તળાવના નિર્માણથી ભૂ-જળ સ્તર ઘણું વધી ગયું છે. તેનો ફાયદો ગામની મહિલાઓને મળ્યો. અહીયાં 'શારદા આજીવિકા સ્વયં સહાયતા સમૂહ' તેનાથી જોડાયેલી મહિલાઓને મત્સ્યપાલનનો નવો વ્યવસાય પણ મળી ગયો. આ મહિલાઓએ Fish-Parlour પણ શરૂ કર્યું છે, જ્યાં થતાં માછલીઓના વેચાણથી તેમની આવક પણ વધી રહી છે. મધ્ય પ્રદેશના છતરપુરમાં પણ મહિલાઓનો પ્રયાસ ખૂબ ખૂબ પ્રશંસનીય છે. અહીંયાંના ખોંપ ગામનું મોટું તળાવ જ્યારે સુકાવા લાગ્યું ત્યારે



મહિલાઓએ તેને પુનર્જીવિત કરવાનું બીડું ઉઠાવ્યું. 'હરિ બગીયા સ્વયં સહાયતા સમૂહ'ની આ મહિલાઓએ તળાવમાંથી મોટા પ્રમાણમાં કાંપ કાઢ્યો, તળાવમાંથી જે કંપ નીકળ્યો તેનો ઉપયોગ તેમણે બિનઉપજાઉ જમીન પર fruit forest તૈયાર કરવામાં કર્યો. આ મહિલાઓની મહેનતથી ન કેવળ તળાવમાં ખૂબ પાણી ભરાયાં, પરંતુ, પાકની ઊપજ પણ ઘણી વધી છે. દેશનાં ખૂણે-ખૂણે ચાલી રહેલા 'જળ-સંરક્ષણ'ના આવા પ્રયત્નો પાણીના સંકટને ખાળવામાં ઘણા મદદરૂપ સાબિત થવાના છે. મને પૂરો વિશ્વાસ છે કે તમે પણ તમારી આસપાસ થતાં આવા પ્રયત્નોમાં જરૂરથી જોડાશો.

## ધન્યવાદ પ્રકૃતિ

મારા પ્રિય દેશવાસીઓ, ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક સીમાવર્તી ગામ છે 'ઝાલા'. અહીંયાંના યુવાઓએ પોતાના ગામને સ્વચ્છ રાખવા માટે એક ખાસ પહેલ શરૂ કરી છે. તેઓ પોતાના ગામમાં 'ધન્યવાદ પ્રકૃતિ' કે પછી કહીએ 'Thank you Nature' અભિયાન ચલાવી રહ્યા છે. જેના હેઠળ ગામમાં રોજ બે કલાક સફાઈ કરવામાં આવે છે. ગામની ગલીઓમાં વિખરાયેલા કચરાને એકઠો કરીને, તેને, ગામની બહાર, નક્કી કરેલી જગ્યા પર, નાખવામાં આવે છે. જેનાથી ઝાલા ગામ પણ સ્વચ્છ થઈ રહ્યું છે અને લોકો જાગરૂક પણ થઈ રહ્યા છે. ત્યાં વિચારો કે આમ જ દરેક ગામ, દરેક ગલી-દરેક મહોલ્લો, પોતાના ત્યાં આવી જ રીતે Thank You અભિયાન શરૂ કરી દે, તો કેટલું મોટું પરિવર્તન આવી શકે છે.

સાથીઓ, સ્વચ્છતાને લઈને પુડુચેરીના સમુદ્રતટ પર પણ જબરદસ્ત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. અહીંયાં રમ્યાજી નામની મહિલા, માહે municipality અને તેની આસપાસના ક્ષેત્રના યુવાઓની એક ટીમનું નેતૃત્વ કરી રહી છે. આ ટીમના લોકો પોતાના પ્રયાસોથી માહે Area અને ખાસ કરીને ત્યાંનાં Beachesને સંપૂર્ણ રીતે સાફ-સૂથરું બનાવી રહ્યા છે.

## 2 ઓક્ટોબર એ 'સ્વચ્છ ભારત મિશન'નાં 10 વર્ષ

સાથીઓ, મેં અહીંયાં માત્ર બે પ્રયાસોની ચર્ચા કરી છે, પરંતુ, આપણે આસપાસ જોઈએ, તો જોઈશું કે દેશના દરેક ભાગમાં 'સ્વચ્છતા'ને લઈને કોઈ-ને-કોઈ અનોખો પ્રયાસ જરૂર ચાલી રહ્યા છે. થોડાક જ દિવસમાં આવનાર 2 ઓક્ટોબર એ 'સ્વચ્છ ભારત મિશન'ના 10 વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ પ્રસંગ એ લોકોના અભિનંદનનો છે જેમણે આ ભારતીય ઇતિહાસને આટલું મોટું જન-આંદોલન બનાવી દીધું. આ મહાત્મા ગાંધીજીને પણ સાચી શ્રદ્ધાંજલિ છે, જેઓ જીવનપર્યંત, આ ઉદ્દેશ્ય માટે સમર્પિત રહ્યા.

સાથીઓ, આજે આ 'સ્વચ્છ ભારત મિશન'ની જ સફળતા છે કે 'Waste to Wealth'નો મંત્ર લોકોમાં લોકપ્રિય થઈ રહ્યો છે. લોકો 'Reduce, Reuse અને Recycle' પર વાત કરવા લાગ્યા છે, તેના ઉદાહરણ આપવા લાગ્યા છે. હવે જેમકે મને કેરળમાં કોઝિકોડમાં એક અદ્ભુત પ્રયત્ન વિષે જાણ થઈ. અહીંયાં seventy four (74) yearના સુબ્રમણ્યનજી 23 હજારથી વધુ ખુરશીઓનું સમારકામ કરીને તેને ફરીથી વાપરવા લાયક બનાવી ચૂક્યા છે. લોકો તો તેમને Reduce, Reuse અને Recycle, એટલે કે, RRR (Triple R) Champion પણ કહે છે. તેમના આ અનોખા પ્રયાસોને કોઝિકોડ સિવિલ સ્ટેશન, PWD, અને LICની ઓફિસોમાં પણ જોઈ શકે છે.

સાથીઓ, સ્વચ્છતાને લઈને હાલ ચાલી રહેલાં અભિયાનો સાથે આપણે વધુમાં વધુ લોકોને જોડવાના છે, અને આ એક અભિયાન, કોઈ એક દિવસનું, એક વર્ષનું, નથી હોતું, આ યુગો-યુગો સુધી નિરંતર કરતાં રહેવાનું કામ છે. આ જ્યાં સુધી આપણો સ્વભાવ બની જાય 'સ્વચ્છતા', ત્યાં સુધી કરતાં રહેવાનું કામ છે. મારો તમને સૌને આગ્રહ છે કે તમે પણ તમારા પરિવાર, મિત્રો, પાડોશીઓ કે સહકર્મીઓની સાથે મળીને સ્વચ્છતા અભિયાનમાં ભાગ જરૂર લો. હું એક વાર ફરી 'સ્વચ્છ ભારત મિશન'ની સફળતા પર તમને સૌને અભિનંદન પાઠવું છું.

મારા પ્યારા દેશવાસીઓ, આપણને સૌને આપણા વારસા પર ખૂબ ગર્વ છે. અને હું તો હમેશાં કહું છું 'વિકાસ પણ-વારસો પણ'. આ જ કારણ છે કે મને હાલની મારી અમેરિકાયાત્રાના એક ખાસ પાસાને લઈને ખૂબ બધા સંદેશા મળી રહ્યા છે. એક વાર ફરી આપણી પ્રાચીન કલાકૃતિઓનો પરત આવવા બાબતે ઘણી ચર્ચા થઈ રહી છે. હું તેને લઈને આપ સૌની ભાવનાઓને સમજી શકું છું. અને 'મન કી બાત'ના શ્રોતાઓને

પણ તેના વિષે કહેવા ઇચ્છું છું.

## પ્રાચીન ધરોહરોની ‘ઘરવાપસી’

સાથીઓ, અમેરિકાની મારી યાત્રા દરમિયાન અમેરિકી સરકારે ભારતને લગભગ 300 પ્રાચીન કલાકૃતિઓ પરત કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડેને સંપૂર્ણ રીતે પોતાનાપણું બતાવીને ડેલાવેર (Delaware)ના પોતાના વ્યક્તિગત આવાસમાં આમાંની કેટલીક કલાકૃતિઓ મને બતાવી. પરત કરેલી કલાકૃતિઓ Terracotta, Stone, હાથીના દાંત, લાકડા, તાંબા અને કાંસા જેવી વસ્તુઓમાંથી બની છે. જેમાંની કેટલીક તો ચાર હજાર વર્ષ જૂની છે. ચાર હજાર વર્ષ જૂની કલાકૃતિઓથી લઈને 19મી સદી સુધીની કલાકૃતિઓને અમેરિકાએ પરત કરી છે. – જેમાં ફૂલદાની, દેવી-દેવતાઓની ટેરાકોટા(terracotta) તક્તીઓ, જૈન તીર્થંકરોની મૂર્તિઓ ઉપરાંત ભગવાન બુદ્ધ અને ભગવાન શ્રી કૃષ્ણની મૂર્તિઓ પણ સમાવિષ્ટ છે. પરત કરેલી વસ્તુઓમાં પશુઓની કેટલીક આકૃતિઓ પણ છે. પુરુષ અને મહિલાની આકૃતિઓવાળી જમ્મુ-કાશ્મીરની terracotta tiles તો ખૂબ જ રસપ્રદ છે. તેમાં કાંસાથી બનેલી ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓ પણ છે, જે, દક્ષિણ ભારતની છે. પરત કરેલી વસ્તુઓમાં મોટી સંખ્યામાં ભગવાન વિષ્ણુનાં ચિત્રો પણ છે. તે મોટેભાગે ઉત્તર અને દક્ષિણ ભારત સાથે જોડાયેલાં છે. આ કલાકૃતિઓને જોઈને ખબર પડે છે કે આપણા પૂર્વજો કેટલું ઝીણું કાંતતા હતા. કલાને લઈને તેમનામાં ગજબની સૂઝ-બૂઝ હતી. આમાંની ઘણી કલાકૃતિઓને તસ્કરી અને બીજી અવૈધ રીતે દેશની બહાર લઈ જવામાં આવી હતી. આ ગંભીર ગુનો છે – એક રીતે દેશના વારસાને નષ્ટ કરવા જેવુ છે, પણ મને એ વાતની ખુશી છે, કે પાછલા એક દશકમાં, આવી કેટલીય કલાકૃતિઓ, અને આપણી ઘણી બધી પ્રાચીન ધરોહરોની ‘ઘર વાપસી’ થઈ છે. આ દિશામાં, આજે, ભારત કેટલાય દેશો સાથે મળીને કામ પણ કરી રહ્યું છે.



મને વિશ્વાસ છે જ્યારે આપણે આપણા વારસા પર ગર્વ કરીએ છીએ તો દુનિયા પણ તેનું સન્માન કરે છે, અને તેનું જ પરિણામ છે કે આજે વિશ્વના કેટલાય દેશો આપણે ત્યાંથી ગઈ હોય, તેવી કલાકૃતિઓ આપણને પાછી આપી રહ્યા છે.

## માતૃભાષાને સંરક્ષિત કરવા માટે આજે અનોખો પ્રયાસ થઈ રહ્યો છે

મારા પ્રિય સાથીઓ, જો હું પૂછું કે કોઈ બાળક કઈ ભાષા સૌથી સરળતાથી અને જલદી શીખે છે – તો તમારો જવાબ હશે ‘માતૃભાષા’. આપણા દેશમાં લગભગ વીસ હજાર ભાષાઓ અને બોલીઓ છે અને આ બધી જ કોઈ-ને-કોઈની તો માતૃભાષા છે જ છે. કેટલીક ભાષાઓ એવી છે જેનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ તમને એ જાણીને આનંદ થશે, કે તે ભાષાઓને સંરક્ષિત કરવા માટે, આજે, અનોખો પ્રયાસ થઈ રહ્યો છે. આવી જ એક ભાષા છે આપણી ‘સંથાલી’ ભાષા. ‘સંથાલી’ને digital Innovationની મદદથી નવી ઓળખ આપવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ‘સંથાલી’ આપણા દેશનાં કેટલાંય રાજ્યોમાં રહેતા સંથાલ જનજાતિ સમુદાયના લોકો બોલે છે. ભારત સિવાય બાંગ્લાદેશ, નેપાળ અને ભૂટાનમાં પણ સંથાલી બોલનાર આદિવાસી સમુદાય જોવા મળે છે. સંથાલી ભાષાની online ઓળખ તૈયાર કરવા માટે ઓરિસ્સાના મયૂરભંજમાં રહેનારા શ્રીમાન રામજીત ટુડુ એક અભિયાન ચલાવી રહ્યા છે. રામજીતજી એ એક એવું



digital platform તૈયાર કર્યું છે, જ્યાં સંથાલી ભાષા સાથે જોડાયેલા સાહિત્યને વાંચી શકાય છે અને સંથાલી ભાષામાં લખી શકાય છે. ખરેખર તો કેટલાંક વર્ષો પહેલાં રામજીતજી એ મોબાઈલ ફોનનો ઉપયોગ શરૂ કર્યો તો તેઓ એ વાતથી દુખી થયા કે પોતાની માતૃભાષામાં સંદેશ નથી મોકલી શકતા. તેના પછી તેઓ 'સંથાલી ભાષા'ની લિપિ 'ઓલ ચિકી'ને ટાઇપ કરવાની સંભાવનાઓ શોધવા લાગ્યા.પોતાના અમુક મિત્રોની મદદથી તેમણે 'ઓલ ચિકી'માં ટાઇપ કરવાની ટૅક્નિક વિકસિત કરી લીધી. આજે તેમના પ્રયાસો દ્વારા 'સંથાલી' ભાષામાં લખાયેલ લેખ લાખો લોકો સુધી પહોંચી રહ્યા છે.

## એક પેડ માં કે નામ

સાથીઓ, જ્યારે આપણા દ્રઢ સંકલ્પની સાથે સામૂહિક ભાગીદારીનો સંગમ થાય છે તો આખા સમાજ માટે અદ્ભુત પરિણામો સામે આવે છે. જેનો સૌથી તાજું ઉદાહરણ છે 'એક પેડ માં કે નામ' – આ અભિયાન અદભૂત અભિયાન રહ્યું, જન-ભાગીદારીનું આવું ઉદાહરણ ખરેખર ખૂબ જ પ્રેરિત કરનારું છે. પર્યાવરણ સંરક્ષણને લઈને શરૂ કરવામાં આવેલા આ અભિયાનમાં દેશના ખૂણે-ખૂણે લોકોએ કમાલ કરી બતાવી. ઉત્તર પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાએ લક્ષ્ય કરતાં વધુ સંખ્યામાં છોડ-રોપણ કરી નવો રેકોર્ડ બનાવ્યો. આ અભિયાનના હેઠળ ઉત્તર પ્રદેશમાં 26 કરોડથી વધારે છોડ રોપવામાં આવ્યા. ગુજરાતના લોકોએ 15 કરોડથી વધારે છોડ રોપ્યા. રાજસ્થાનમાં માત્ર ઑગસ્ટ મહિનામાં જ 6 કરોડથી વધુ છોડ રોપવામાં આવ્યા. દેશની હજારો શાળાઓ પણ આ અભિયાનમાં જોર-શોરથી ભાગ લઈ રહી છે.

સાથીઓ, આપણા દેશમાં વૃક્ષ ઉગાડવાથી જોડાયેલાં કેટલાંય ઉદાહરણો સામે આવતા રહે છે. આવું જ એક ઉદાહરણ છે તેલંગાણાના કે.એન.રાજશેખરજીનું. વૃક્ષો રોપવા પાછળની તેમની પ્રતિબદ્ધતા આપણને સૌને આશ્ચર્યચકિત કરી દે છે. લગભગ ચાર વર્ષ પહેલાં તેમણે વૃક્ષો વાવવાની ઝુંબેશ શરૂ કરી. તેમણે નક્કી કર્યું કે દરરોજ એક વૃક્ષ તો જરૂર લગાવશે. તેમણે આ ઝુંબેશનું કઠોર વ્રતની જેમ પાલન કર્યું. તેઓ 1500થી વધુ છોડ વાવી ચૂક્યા છે. સૌથી મોટી વાત એ છે કે આ વર્ષે એક અકસ્માતનો શિકાર થવા છતાં પણ તેઓ પોતાના સંકલ્પથી ડગ્યા નહીં. હું આવા બધા જ પ્રયાસોની હૃદયથી પ્રશંસા કરું છું. મારો તમને પણ આગ્રહ છે કે 'એક પેડમાં કે નામ' આ પવિત્ર અભિયાન સાથે તમે જરૂર જોડાઓ.

મારા પ્રિય સાથીઓ, તમે જોયું હશે, આપણી આસપાસ કેટલાક લોકો એવા હોય છે જેઓ મુશ્કેલીમાં પણ ધૈર્ય નથી ખોતા, પરંતુ તેનાથી શીખે છે. આવી જ એક મહિલા છે સુબાશ્રી, જેમને પોતાના પ્રયાસથી, દુર્લભ અને ખૂબ જ ઉપયોગી જડી-બુટ્ટીઓનો એક અદ્ભુત બગીચો તૈયાર કર્યો છે. તેઓ તમિલનાડુના મદુરાઈના રહેનારા છે. એમ તો વ્યવસાયે તેઓ શિક્ષક છે, પણ ઔષધીય વનસ્પતિઓ, Medical Herbsના પ્રત્યે તેમને ઊંડી લાગણી છે. તેમની આ લાગણી 80ના દશકમાં ત્યારે શરૂ થઈ, જ્યારે એક વાર, તેમના પિતાને ઝેરી સાપ કરડી ગયો. ત્યારે પારંપરિક જડી-બુટ્ટીઓએ તેમના પિતાની તબિયત સુધારવામાં ઘણી મદદ કરી હતી. આ ઘટના પછી તેમણે પારંપરિક ઔષધિઓ અને જડીબુટ્ટીઓની શોધ શરૂ કરી. આજે મદુરાઈના વેરિચિયુર ગામમાં તેમનો અનોખો Herbal Garden છે, જેમાં 500થી વધારે ઔષધીય છોડ છે. પોતાના આ બગીચાને તૈયાર કરવા માટે તેઓએ ખૂબ મહેનત કરી છે. એક-એક છોડ શોધવા તેમણે દૂર-દૂરની યાત્રાઓ કરી, માહિતીઓ એકઠી કરી અને કેટલીક વાર બીજા લોકોની મદદ પણ માંગી. કોવિડના સમયે તેમણે Immunity વધારનારી જડી-બુટીઓ લોકો સુધી પહોંચાડી. આજે તેમના Herbal Garden ને જોવા લોકો દૂર-દૂરથી આવે છે. તેઓ બધાને herbal છોડની માહિતી અને ઉપયોગ વિષે જણાવે છે. સુબાશ્રી આપણા એ પારંપરિક વારસાને આગળ લઈ જઈ રહી છે, જે સેંકડો વર્ષોથી આપણી સંસ્કૃતિનો ભાગ છે. તેમનો Herbal Garden આપણા અતીત ને ભવિષ્યની સાથે જોડે છે. તેમને આપણી ખૂબ બધી શુભકામનાઓ.

## Create in India

સાથીઓ, બદલાતા આ સમયમાં Nature of Jobs બદલાઈ રહી છે અને નવાં-નવાં સેક્ટર ઊભરી રહ્યાં છે. જેમકે Gaming, Animation, Reel Making, Film Making કે Poster Making. જો આમાંથી કોઈ skillમાં તમે સારું પ્રદર્શન કરી શકો છો તો તમારા



Talentને બહુ મોટો મંચ મળી શકે છે, જો તમે કોઈ Band સાથે જોડાઓ છો કે પછી Community Radio માટે કામ કરો છો, તો પણ તમારા માટે ખૂબ મોટો અવસર છે.

તમારા Talent અને Creativityને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે 'Create in India' આ theme હેઠળ 25 Challenges શરૂ કરી છે. આ Challenges તમને જરૂર રસપ્રદ લાગશે. કેટલીક Challenges તો Music, Education અને અહીંયાં સુધી કે Anti-Piracy પર પણ Focused છે. આ આયોજનમાં ઘણા બધાં Proffesional Organization પણ સામેલ છે, જે, આ Challengesને પોતાનો પૂરો support આપી રહ્યા છે. આમાં સામેલ થવા માટે તમે wavesindia.org પર login કરી શકો છો. દેશ-બહારના creatorsને મારો વિશેષ આગ્રહ છે કે તેઓ આમાં જરૂર ભાગ લે અને પોતાની creativityને સામે લાવે.

## Make In India

મારા પ્રિય દેશવાસીઓ, આ મહિને એક વધુ મહત્ત્વપૂર્ણ અભિયાનને 10 વર્ષ પૂરા થાય છે. આ અભિયાનની સફળતામાં, દેશનાં મોટા ઉધ્યોગોથી લઈને નાના દુકાનદારો સુધીનું યોગદાન સામેલ છે. હું વાત કરું છું 'Make In India'ની. આજે મને આ જોઈને ખૂબ જ ખુશી મળે છે, કે ગરીબ, મધ્યમ વર્ગ અને MSMEsને આ અભિયાનથી ખૂબ ફાયદો મળી રહ્યો છે. આ અભિયાને દરેક વર્ગના લોકોને પોતાનું Talent સામે લાવવાનો અવસર આપ્યો છે. આજે ભારત Manufacturingનું powerhouse બન્યું છે અને દેશની યુવા-શક્તિના લીધે દુનિયા-ભરની દૃષ્ટિ આપણા પર છે.Automobiles હોય, Textiles હોય, Aviation હોય, Electronics હોય, કે પછી Defense, દરેક sectorમાં દેશનું export સતત વધી રહ્યું છે. દેશમાં FDIનું સતત વધવું પણ આપણા 'Make In India'ની સફળતાની ગાથા કહી રહ્યું છે. હવે આપણે મુખ્ય રૂપે બે વસ્તુઓ પર focus કરી રહ્યા છીએ. પહેલું છે 'Quality' એટલે કે, આપણા દેશમાં બનેલી વસ્તુઓ global standardની હોય. અને બીજું છે Vocal for Local, એટલે કે, સ્થાનીય વસ્તુઓને વધુમાં વધુ પ્રોત્સાહન મળે. 'મન કી બાત'માં આપણે #MyProductMyPrideની પણ ચર્ચા કરી. Local Productને પ્રોત્સાહન આપવા માટે દેશનાં લોકોને કેવી રીતે લાભ થાય છે, તે એક ઉદાહરણથી સમજી શકાય છે.

મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં Textileની એક જૂની પરંપરા છે. 'ભંડારા ટસર સિલ્ક હેન્ડલૂમ' ('Bhandara Tusser Silk Handloom') ટસર સિલ્ક (Tusser Silk) પોતાની design, રંગ અને મજબૂતી માટે ઓળખાય છે. ભંડારાના કેટલાક ભાગોમાં 50થી વધુ 'Self Help Group', આને સંરક્ષિત કરવાના કામમાં લાગેલા છે. આમાં મહિલાઓની બહુ મોટી ભાગીદારી છે. આ Silk ઝડપથી લોકપ્રિય થઈ રહ્યું છે અને સ્થાનીય સમુદાયોને સશક્ત બનાવી રહ્યું છે, અને આ જ તો 'Make in India'ની spirit છે.

સાથીઓ, તહેવારોની આ ઋતુમાં તમે ફરીથી પોતાના જૂના સંકલ્પને પણ જરૂરથી પુનરાવર્તિત કરો. કંઈ પણ ખરીદીશું, તે, 'Made in India', જ હોવું જોઈએ, કોઈ પણ gift આપીશું, તે પણ 'Made in India' હોવું જોઈએ. માત્ર માટીના દીવા ખરીદવા જ 'Vocal for Local' નથી. તમારે તમારા ક્ષેત્રમાં બનેલા સ્થાનીય ઉત્પાદનોને વધુમાં વધુ promote કરવું જોઈએ. એવી કોઈ પણ product, જેને બનાવવા માટે ભારતના કોઈ કારીગરનો પરસેવો પડ્યો હોય, જે ભારતની માટીમાં બની હોય, તે આપણું ગૌરવ છે – આપણે આ જ ગૌરવ પર ચાર ચાંદ લગાવવાના છે. 'મન કી બાત'ના આ episodeમાં મને તમારી સાથે જોડાઈને ખૂબ સારું લાગ્યું. આ કાર્યક્રમથી સંકળાયેલા તમારા વિચાર અને સલાહ અમને જરૂર મોકલાવજો. મને તમારા પત્રો અને સંદેશાઓની પ્રતીક્ષા રહેશે. થોડા જ દિવસો પછી તહેવારોની season શરૂ થવાની છે. નવરાત્રી સાથે એની શરૂઆત થશે અને પછી આવતા બે મહિના સુધી પૂજા-પાઠ, વ્રત-તહેવાર, ઉમંગ-ઉલ્લાસ, ચારો તરફ, આ જ વાતાવરણ છવાયેલું રહેશે. હું આવનાર તહેવારોની આપ સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવું છું. આપ સૌ, પોતાના પરિવાર અને પોતાના પ્રિયજનો સાથે તહેવારનો ખૂબ આનંદ ઉઠાવો, અને બીજાઓને પણ, પોતાના આનંદમાં સહભાગી બનાવો. આવતા મહિને 'મન કી બાત' કંઈક વધુ નવા વિષયોની સાથે તમારાથી જોડાશે. તમારા સૌનો ખૂબ-ખૂબ આભાર.

**શાહીબાગ અમદાવાદ ખાતે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવનિર્મિત પોલીસ કમિશનર કચેરીનું મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ**

# પ્રોએક્ટિવ, પ્રીડેક્ટિવ અને સાયન્ટિફિક એપ્રોચ સાથેના પોલીસિંગ માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં અનેક સંસ્કરણો અમલમાં મુકાયાં – શ્રી અમિતભાઈ શાહ



ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શાહીબાગ અમદાવાદ ખાતે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવનિર્મિત પોલીસ કમિશનર કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શ્રી શાહે આ તબક્કે જોઇન્ટ ઇન્ટરોગેશન સેન્ટર, "તેરા તુજકો અર્પણ" સાયબર ક્રાઇમ પોર્ટલનું લોકાર્પણ તેમજ સાયબર સાથી પુસ્તિકાનું અનાવરણ પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, મેયર શ્રીમતી પ્રતિભા બેન જૈન, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશ્નર શ્રી, પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તે પૂર્વે શ્રી શાહે વિચાર ( વિશાલા પરિવાર) ટ્રસ્ટ સંચાલિત વિશ્વના એકમાત્ર ધાતુપાત્ર સંગ્રહાલયનું લોકાર્પણ કરી સમગ્ર સંગ્રહાલયનું રસપૂર્વક નિરીક્ષણ પણ કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત સૌને શક્તિ ઉપાસનાના પર્વ નવરાત્રીની શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે પુરા દેશમાં શક્તિની આરાધનાનું આ પર્વ નવ દિવસ લોકો મનાવે છે. ગુજરાતમાં નવરાત્રી એ માત્ર શક્તિનું પર્વ નહીં પરંતુ દુનિયાના લોકો અચંબિત થઈ જાય તે પ્રમાણે ભવ્ય અને દિવ્ય પરંપરા સાથેના ગરબા ઉત્સવ ઉજવાય છે. તેઓએ કહ્યું કે નવરાત્રિના આ પ્રથમ દિવસે અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરીના ભવ્ય મકાનનું લોકાર્પણ થઈ રહ્યું છે આ કાર્યાલયમાં માત્ર મકાનની સુવિધાઓ જ નહીં પરંતુ અનેક પ્રકારની નવી કાર્ય સંસ્કૃતિ પ્રસ્થાપિત થાય તે પ્રકારની ચિંતા કરવામાં આવી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે 18 હજાર વર્ગ મીટરની આ ઓફિસ 140 કરોડના ખર્ચે સાત માળની ઇમારતમાં સ્ટેટ ઓફ ધ આર્ટ ટેકનોલોજી સાથે પોલીસ જવાનો ચુસ્ત દૂરસ્ત રહી શકે તે માટે જીમ્નેશયમ, પાર્કિંગ, સીસીટીવી, ફાયર સેફ્ટી, સેન્ટ્રલ એસી સાથેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત આ જગ્યાએ પોલીસ મ્યુઝિયમ બનાવીને આઝાદીથી અત્યાર સુધીના સુરક્ષા અને સલામતી માટેના થયેલા પ્રયત્નોનું નજરાણુ પણ સ્થાપિત થયું છે. નાગરિકોની સુરક્ષા કાજે શહીદી વોહરેલ પોલીસ જવાનોના સ્મારકની પણ રચના અહીં કરવામાં આવી છે.

શ્રી અમિતભાઈ શાહે ક્ષેત્રના સાંસદ તરીકે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે જોઈન્ટ ઇન્ટ્રોગ્રેશન સેન્ટર, તેરા તુજકો અર્પણ પોર્ટલ અને સાયબર સાથી જેવી માહિતી પુસ્તિકાની મદદથી સાયબર ક્રાઈમથી ત્રસ્ત નાગરિકોને જાગૃત કરવા તેમજ કાયદાની પળોજણમાંથી મુક્ત થઈ તેમને પોતાની મૂડી



ઝડપથી પરત મળે તે માટે મદદરૂપ પુરવાર થશે. તેઓએ કહ્યું કે પાછલા દસ વર્ષમાં આંતરિક સુરક્ષા ક્ષેત્રે ખૂબ મોટો બદલાવ આવ્યો છે દેશમાં કાશ્મીર, નોર્થ ઈસ્ટ તેમજ નક્સલવાદ ક્ષેત્ર ત્રણ મુખ્ય હોટસ્પોટ ગણાતા હતા અને બોમ્બ ધડાકાઓ રોજિંદુ જીવન બન્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ધારના લીધે આ ત્રણેય હોટસ્પોટ ક્ષેત્રોમાં હિંસામાં 70% તેમજ મૃત્યુમાં 72 ટકા ઘટાડો થયો છે અને આતંકવાદ મુક્ત ભારતની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

તેમણે વધુમાં કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પોલીસ કલ્ચરમાં બદલાવ આવે તે અભિગમ હંમેશા રહ્યો છે. પ્રોએક્ટિવ, પ્રીડેક્ટિવ અને સાયન્ટિફિક એપ્રોચ સાથેના પોલીસિંગ માટે આદરણીય મોદીજીના માર્ગદર્શનમાં અનેક સંસ્કરણો અમલમાં મુકાયા છે. આ ત્રણ ક્રિમિનલ કાયદામાં આમૂલ પરિવર્તન લાવવામાં આવ્યું છે. ગત જૂન માસમાં જ આ કાયદાઓ આખા દેશમાં લાગુ થાય તે પ્રમાણેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેમાં ટેકનોલોજીથી ગુના શોધવા, રોકવા અને પ્રોસિક્યુસન ઝડપથી થાય તે દિશામાં અનેકવિધ પ્રોવિઝન કરવામાં આવ્યાં છે. તેઓએ કહ્યું હતું કે આગામી ૧૦૦ વર્ષ સુધી ટેકનોલોજીમાં કોઈપણ બદલાવ આવે પરંતુ આ કાયદામાં કોઈ બદલાવ લાવવો ન પડે તે પ્રકારે આ કાયદાઓ બનાવવામાં આવ્યા છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતુ કે ઇન્વેસ્ટીગેશન, પ્રોસીક્યુશન અને ન્યાયપ્રક્રિયામાં સમયનો વ્યય ન થાય તેની ચિંતા કરીને આ કાયદાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી ત્રણ વર્ષમાં આપણા આ સુધારેલ ક્રિમિનલ લો વિશ્વમાં આધુનિકથી આધુનિક હશે. એફઆઇઆરથી લઈ સુપ્રીમ કોર્ટ સુધીની પ્રક્રિયાઓમાં લોકોને ઝડપથી ન્યાય મળશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા અગિયારમા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચી છે જે આગામી 2027માં ત્રીજા સ્થાને પહોંચશે. તે માટે દેશની સાયબર સિક્યુરિટી આર્થિક ગુનાઓ ડામવા આ ત્રણેય કાયદાઓ મજબૂત પીઠબળ પૂરું પાડશે.

શ્રી અમિતભાઈ શાહે અંતમાં કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ સામે 2047માં વિકસિત ભારતની સંકલ્પના રાખી છે. આ એ જ ગુજરાત છે જેમાં 80 થી 90 ના દાયકામાં કાયમ કર્ફ્યુ રહેતો હતો હવે રાજ્યમાં જવલ્લે જ કર્ફ્યુની જરૂર પડે છે. શ્રી શાહે દરિયાઈ કિનારા સહીત કચ્છની સીમાઓ તેમજ આંતરિક સુરક્ષા માટે આ ઓફિસના નિર્માણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ રાજ્ય પોલીસ વડા અને અમદાવાદ પોલીસ કમિશનરને અભિનંદન પાઠવ્યા હતા. આ નવીનતમ કમિશનર કચેરીનું ભવન સુરક્ષિત અમદાવાદના કન્સેપ્ટને મજબૂત કરવામાં ખૂબ મહત્વનું પુરવાર થશે તેઓ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ આંતરિક અને બાહ્ય સુરક્ષા બંને મોરચે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને દેશને મજબૂત બનાવવાનું કાર્ય કર્યું - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



શક્તિની આરાધનાનું પર્વ વિશ્વનો સૌથી લાંબો નૃત્ય ઉત્સવ ઊજવાઈ રહ્યો છે આ ઉત્સવ આનંદ, ઉલ્લાસ તેમજ સુરક્ષા અને સલામતી સાથે ઉજવાય તે માટે રાજ્યની ભાજપા સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં શાંત સલામત અને સુરક્ષિત વાતાવરણને કારણે વિદેશી મૂડીરોકાણ તેમજ ઉદ્યોગધંધાઓ ખૂબ ઝડપથી વધ્યા છે. તેઓએ કહ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શક્તિ પંચામૃતને આધારે વિકાસની નવી ઇમારત રચી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પાછલા એક દાયકામાં કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની આંતરિક સુરક્ષા અને સલામતી મજબૂત બનાવી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદી તેમજ ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ આંતરિક સુરક્ષા હોય કે બાહ્ય સુરક્ષા બને મોરચે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને દેશને મજબૂત બનાવવાનું કાર્ય કર્યું છે.

મેક ઈન ઈન્ડિયા 10 વર્ષની ઉજવણી કરે છે

# પરિવર્તનશીલ વૃદ્ધિનો દાયકો






## નવીનીકરણ, રોકાણ અને સ્વનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ભારતની ઉત્પાદન ક્રાંતિએ વેગ પકડ્યો

'મેક ઇન ઇન્ડિયા' પહેલ 25 સપ્ટેમ્બર, 2014ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે સશક્ત બનાવવાનો સીમાચિહ્નરૂપ દાયકો પૂર્ણ કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવામાં, કૌશલ્યવિકાસ વધારવામાં અને વિદેશી રોકાણને સરળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

### અસરનાં 10 વર્ષ

**પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) :** વર્ષ 2014થી અત્યાર સુધીમાં ભારતે વર્ષ 2014-24માં 667.4 અબજ ડોલરનો સંચિત એફડીઆઇ પ્રવાહ આકર્ષ્યો છે, જે અગાઉના દાયકા (2004-14)ની સરખામણીમાં 119 ટકા વધારે છે. રોકાણનો આ પ્રવાહ 31 રાજ્યો અને 57 ક્ષેત્રોમાં ફેલાયેલો છે, જે વિવિધ ઉદ્યોગોમાં વૃદ્ધિને વેગ આપે છે. કેટલાક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને બાદ કરતાં મોટા ભાગનાં ક્ષેત્રો ઓટોમેટિક રૂટ હેઠળ 100 ટકા એફડીઆઇ માટે ખુલ્લાં છે. છેલ્લાં એક દાયકામાં (2014-24) મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં એફડીઆઈ ઇક્વિટી પ્રવાહ 165.1 અબજ ડોલરે પહોંચ્યો હતો, જે અગાઉના દાયકા (2004-14)ની તુલનામાં 69 ટકાનો વધારો દર્શાવે છે, જેમાં 97.7 અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો.

**પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ યોજના :** 2020માં રજૂ કરવામાં આવેલી પીએલઆઈ યોજનાઓના પરિણામે રોકાણમાં 1.32 લાખ કરોડ રૂપિયા (16 અબજ ડોલર) અને જૂન 2024 સુધીમાં ₹10.90 લાખ કરોડ (130 અબજ ડોલર)ના મેન્યુફેક્ચરિંગ આઉટપુટમાં નોંધપાત્ર વધારો થયો છે. આ પહેલને કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૮.૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે.

**નિકાસ અને રોજગાર:** નાણાકીય વર્ષ 2023-24માં ભારતની ચીજવસ્તુઓની નિકાસ 437 અબજ ડોલરને વટાવી ગઈ છે. નિકાસમાં વધારો થયો છે, જેમાં પીએલઆઈ યોજનાઓને કારણે વધારાના ₹4 લાખ કરોડનું સર્જન થયું છે, જ્યારે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કુલ રોજગારી 2017-18માં 57 મિલિયનથી વધીને 2022-23માં 64.4 મિલિયન થઈ ગઈ છે.

**વેપાર-વાણિજ્યમાં સુગમતા:** વેપાર-વાણિજ્યની સ્થિતિ સુધારવા માટેની ભારતની પ્રતિબદ્ધતા, વર્ષ 2014માં 142મા ક્રમથી વધીને વર્ષ 2019માં 63મા ક્રમથી વિશ્વ બેંકનાં ડૂઇંગ બિઝનેસ રિપોર્ટમાં સ્પષ્ટ થાય છે. 42,000થી વધુ અનુપાલનમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને 3,700 જોગવાઈઓને ડીક્રિમિનલાઇઝ કરવામાં આવી છે. જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) કાયદો, 2023, લોકસભા 27 જુલાઈ, 2023ના રોજ અને 2 ઓગસ્ટ 2023ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, જેણે 42 કેન્દ્રીય કાયદાઓમાં 183 જોગવાઈઓને નાબૂદ કરી છે.

### ચાવીરૂપ સુધારાઓ

**સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટ :** સેમીકોન ઇન્ડિયા પ્રોગ્રામ, જેની કિંમત રૂ. 76,000 કરોડ છે, તે મૂડી સહાય અને તકનીકી સહયોગની સુવિધા દ્વારા સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન પૂરું પાડવાનું લક્ષ્ય ધરાવે છે. ભારતે સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમના દરેક સેગમેન્ટને ટેકો આપવા માટે નીતિઓ વિકસાવી છે, જે માત્ર ફેબ્સ પર જ ધ્યાન કેન્દ્રિત કરતી નથી, પરંતુ પેકેજિંગ, ડિસ્પ્લે વાયર, ઓએસએટી, સેન્સર્સ અને અન્ય બાબતોનો સમાવેશ કરે છે.



**નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (એનએસડબલ્યુએસ) :** સપ્ટેમ્બર, 2021માં શરૂ કરવામાં આવેલી આ પ્લેટફોર્મ રોકાણકારોનાં અનુભવને સરળ બનાવે છે, જેમાં 32 મંત્રાલયો/વિભાગો અને 29 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો પાસેથી મંજૂરીઓને સંકલિત કરવામાં આવી છે, જે ઝડપથી મંજૂરીઓની સુવિધા પ્રદાન કરે છે.

**પ્રધાનમંત્રી ગતિશક્તિ :** પ્રધાનમંત્રી ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન (એનએમપી) જીઆઈએસ આધારિત મંચ છે, જે સરકારનાં વિવિધ મંત્રાલયો/વિભાગોનાં પોર્ટલો ધરાવે છે, જેની શરૂઆત ઓક્ટોબર, 2021માં થઈ હતી. તે મલ્ટિમોડલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સંકલિત આયોજન સાથે સંબંધિત ડેટા-આધારિત નિર્ણયોને સરળ બનાવવા માટે પરિવર્તનકારી અભિગમ છે, જેથી લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થાય છે.

**રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ (એનએલપી) :** લોજિસ્ટિક્સ ખર્ચઘટાડવા અને કાર્યદક્ષતા વધારવાના ઉદ્દેશ સાથે વર્ષ 2022માં શરૂ કરવામાં આવેલી એનએલપી ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે વધારે સ્પર્ધાત્મક બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

**ઔદ્યોગિક કોરિડોર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર :** નેશનલ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ 11 ઔદ્યોગિક કોરિડોરના વિકાસને રૂ. 28602 કરોડના અંદાજિત રોકાણ સાથે 12 નવાં પ્રોજેક્ટ્સને મંજૂરી મળી છે. આ કોરિડોર વૈશ્વિક કક્ષાની માળખાગત સુવિધાઓ પ્રદાન કરીને ભારતની સ્પર્ધાત્મકતામાં વધારો કરે છે.

**વન-ડિસ્ટ્રિક્ટ-વન-પ્રોડક્ટ (ઓડીઓપી) :** સમગ્ર ભારતમાં સ્વદેશી ઉત્પાદનો અને કારીગરીને પ્રોત્સાહન આપતી ઓડીઓપી પહેલે સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપ્યું છે, જેમાં આ વિશિષ્ટ ઉત્પાદનો માટે પ્લેટફોર્મ પ્રદાન કરવા માટે 27 રાજ્યોમાં યુનિટી મોલ્સની સ્થાપના કરવામાં આવી છે.

**સ્ટાર્ટઅપ ઇન્ડિયા :** નવીનતાને પ્રોત્સાહન આપવા અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મજબૂત ઇકોસિસ્ટમ ઊભી કરવાની ઇચ્છા સાથે સરકારે 16મી જાન્યુઆરી, 2016નાં રોજ સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ શરૂ કરી હતી. સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ હેઠળ સરકાર દ્વારા સતત પ્રયાસોને પગલે 30 જૂન, 2024ના રોજ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને 1,40,803 થઈ ગઈ છે, જેણે 15.5 લાખથી વધુ સીધી રોજગારીનું સર્જન કર્યું છે.

ભારત સરકારે સ્થાનિક અને વિદેશી એમ બંને પ્રકારનાં રોકાણોને વેગ આપવા વિસ્તૃત અને બહુઆયામી અભિગમ અપનાવ્યો છે, જે મજબૂત અને ગતિશીલ આર્થિક વાતાવરણને પ્રોત્સાહન આપશે. ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) જેવા સીમાચિહ્નરૂપ સુધારાઓ અને કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાથી માંડીને વેપાર-વાણિજ્ય કરવામાં સરળતા લાવવા અને એફડીઆઇ નીતિઓને સરળ બનાવવાના ઉદ્દેશથી દૂરગામી પગલાં લેવા સુધી, દરેક પગલું રોકાણને અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરવા તરફ અગ્રેસર છે. ફેઝ્ડ મેન્યુફેક્ચરિંગ પ્રોગ્રામ (પીએમપી), પબ્લિક પ્રોક્યોરમેન્ટ ઓર્ડર્સ અને ક્વોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ (ક્યુસીઓ) જેવી પહેલો સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને ઉત્પાદનની ગુણવત્તા વધારવા પર કેન્દ્રિત છે.

કોવિડ-19 દ્વારા ઊભા થયેલા પડકારો સામે સરકારની સક્રિય પ્રતિક્રિયા, ભારત પેકેજીસ અને નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન અને નેશનલ મોનેટાઇઝેશન પાઇપલાઇન હેઠળ લક્ષિત રોકાણો મારફતે પ્રતિકૂળતાઓને વૃદ્ધિની તકમાં પરિવર્તિત કરી છે. ઇન્ડિયા ઇન્ડસ્ટ્રિયલ લેન્ડ બેંક ઇન્ડસ્ટ્રિયલ પાર્ક રેટિંગ સિસ્ટમ (આઇપીઆરએસ) અને નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ જેવા સાધનો રોકાણકારો માટે પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત કરે છે. વધુમાં, વિવિધ મંત્રાલયોમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલ (પીડીસી) એ સુનિશ્ચિત કરે છે કે રોકાણની દરખાસ્તો ઝડપથી આગળ વધે, જે ભારતને વૈશ્વિક અને સ્થાનિક રોકાણકારો માટે વધુ આકર્ષક સ્થળ બનાવે છે. આ પ્રયાસો સામૂહિક રીતે ઉત્પાદન અને નવીનતા માટે ભારતની વધતી જતી સ્થિતિના રૂપમાં મજબૂત કરે છે.

જ્યારે ભારત તેના વિકાસના આગામી દાયકામાં આગળ વધી રહ્યું છે, ત્યારે મેક ઇન ઇન્ડિયા 2.0 સ્થિરતા, નવીનતા અને આત્મનિર્ભરતાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુનઃપ્રાપ્ય ઊર્જા, હરિત ટેકનોલોજી અને અત્યાધુનિક ઉત્પાદનમાં વ્યૂહાત્મક હસ્તક્ષેપો સાથે આ પહેલ એ સુનિશ્ચિત કરી રહી છે કે ભારતીય ઉત્પાદનો ઉચ્ચતમ વૈશ્વિક માપદંડોને પૂર્ણ કરે.



## ત્રણ પરમ રૂદ્ર સુપર કમ્પ્યુટર્સ અને હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમ રાષ્ટ્રને અર્પણ

# ટેકનોલોજી ગરીબો માટે સશક્તીકરણનો સ્ત્રોત બની રહી છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



### પરમ રુદ્ર સુપર કમ્પ્યુટર

આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારત માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને સંશોધનને પ્રાધાન્ય આપીને 21મી સદીનું ભારત કેવી રીતે આગળ વધી રહ્યું છે તેનો પણ આ પુરાવો છે. ભારત આજે શક્યતાઓના અમર્યાદિત વિસ્તરણમાં નવી તકો ઊભી કરી રહ્યું છે. આપણા વૈજ્ઞાનિકો અને ઇજનેરોએ ત્રણ 'પરમ રુદ્ર સુપર કમ્પ્યુટર'નું સફળતાપૂર્વક નિર્માણ કર્યું છે. આ અત્યાધુનિક સુપર કોમ્પ્યુટર દિલ્હી, પુણે અને કોલકાતામાં લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, બે હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમ્સ, અર્કા અને અરુણિકાનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રસંગે, હું દેશનાં વૈજ્ઞાનિક સમુદાય, ઇજનેરો અને તમામ નાગરિકોને મારા હૃદયથી અભિનંદન આપું છું.

### ત્રણ સુપર કમ્પ્યુટર્સ ભૌતિકશાસ્ત્ર, પૃથ્વી વિજ્ઞાન અને બ્રહ્માંડવિજ્ઞાન સહિતના ક્ષેત્રોના વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન સંશોધનની સુવિધા આપશે

ભાઈઓ અને બહેનો, મારા ત્રીજા કાર્યકાળની શરૂઆતમાં, મેં વર્તમાન 100-દિવસના માળખાથી આગળ વધીને યુવાનોને વધારાના 25 દિવસ આપવાનું વચન આપ્યું હતું. આ પ્રતિબદ્ધતાને અનુરૂપ, મને આ સુપર કમ્પ્યુટર્સ આજે આપણા દેશનાં યુવાનોને સમર્પિત કરતા આનંદ થાય છે. આ અદ્યતન પ્રણાલીઓ એ સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે કે ભારતના યુવાન વૈજ્ઞાનિકોને તેમના પોતાના દેશમાં જ અત્યાધુનિક ટેકનોલોજીની સુલભતા મળી રહે. આજે લોન્ચ કરવામાં આવેલા ત્રણ સુપર કમ્પ્યુટર્સ ભૌતિકશાસ્ત્ર, પૃથ્વી વિજ્ઞાન અને બ્રહ્માંડવિજ્ઞાન સહિતના ક્ષેત્રોના વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન સંશોધનની સુવિધા આપશે, જે વૈશ્વિક મંચ પર વિજ્ઞાન અને ટેકનોલોજીના ભાવિને આકાર આપી રહ્યા છે.

### ભારતની ભાવિ પેઢીઓમાં વૈજ્ઞાનિક અભિગમને પોષવા માટે શાળાઓમાં 10,000થી વધારે અટલ ટિંકરીંગ લેબની સ્થાપના

મિત્રો, આજનું નવું ભારત વિકાસ અને ટેકનોલોજીમાં માત્ર બાકીના વિશ્વ સાથે સ્પર્ધા કરીને જ સંતુષ્ટ નથી. આ ન્યૂ ઇન્ડિયા પોતાના વૈજ્ઞાનિક સંશોધનોના માધ્યમથી માનવતાની સેવા કરવાની જવાબદારી માને છે. આ આપણી ફરજ છે: 'સંશોધન દ્વારા આત્મનિર્ભરતા'. સ્વાવલંબન માટેનું વિજ્ઞાન એ અમારો માર્ગદર્શક મંત્ર બની ગયો છે. આ માટે અમે ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયા જેવી કેટલીક ઐતિહાસિક પહેલો શરૂ કરી છે. ભારતની ભાવિ પેઢીઓમાં વૈજ્ઞાનિક અભિગમને પોષવા માટે શાળાઓમાં 10,000થી વધારે અટલ ટિંકરીંગ લેબની સ્થાપના કરવામાં આવી છે.

તદુપરાંત, STEM વિષયોમાં શિક્ષણ માટેની શિષ્યવૃત્તિમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ વર્ષના બજેટમાં 1 લાખ કરોડના રિસર્ચ ફંડની પણ જાહેરાત કરવામાં આવી હતી. અમારું લક્ષ્ય ભારતને 21મી સદીના વિશ્વને તેની નવીનતાઓ દ્વારા સશક્ત બનાવવા અને વૈશ્વિક સમુદાયને



મજબૂત કરવા સક્ષમ બનાવવાનું છે. મિત્રો,

## ઇન્ડિયા સેમીકન્ડક્ટર મિશન

મિત્રો, સેમીકન્ડક્ટર્સ પણ આધુનિક વિકાસનું નિર્ણાયક તત્વ બની ગયા છે. તેના જવાબમાં ભારત સરકારે 'ઇન્ડિયા સેમીકન્ડક્ટર મિશન' નામની મહત્ત્વપૂર્ણ પહેલ શરૂ કરી છે. નોંધપાત્ર ટૂંકા ગાળામાં, આપણે પહેલેથી જ હકારાત્મક પરિણામો જોઈ રહ્યા છીએ. ભારત તેની પોતાની સેમીકન્ડક્ટર ઇકોસિસ્ટમ વિકસાવી રહ્યું છે, જે વૈશ્વિક સપ્લાય ચેઇનનો મહત્ત્વપૂર્ણ ભાગ હશે. આજે, ભારતની બહુપરિમાણીય વૈજ્ઞાનિક પ્રગતિને ત્રણ પરમ રુદ્ર સુપર કમ્પ્યુટર્સ દ્વારા વધુ મજબૂત બનાવવામાં આવશે.

## સુપર કમ્પ્યુટરથી ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ સુધીની ભારતની યાત્રા આ સ્વપ્નદ્રષ્ટા અભિગમ છે

મિત્રો, જ્યારે કોઈ દેશ હિંમતવાન અને મહત્ત્વાકાંક્ષી લક્ષ્યો નક્કી કરે છે ત્યારે તે મોટી સફળતા પ્રાપ્ત કરે છે. સુપર કમ્પ્યુટરથી ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ સુધીની ભારતની યાત્રા આ સ્વપ્નદ્રષ્ટા અભિગમ છે. એક સમય હતો જ્યારે સુપર કમ્પ્યુટર્સને ફક્ત કેટલાક પસંદ કરેલા રાષ્ટ્રોનું ક્ષેત્ર માનવામાં આવતું હતું. આમ છતાં, 2015માં અમે નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન શરૂ કર્યું હતું અને આજે સુપર કમ્પ્યુટરના ક્ષેત્રમાં ભારત વિશ્વના અગ્રણી દેશો સાથે સ્પર્ધા કરી રહ્યાં છે. પણ આપણે અહીં જ અટકીશું નહીં. ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ જેવી તકનીકીઓમાં ભારત પહેલેથી જ મોખરે છે. અમારું રાષ્ટ્રીય ક્વૉન્ટમ મિશન ક્વૉન્ટમ કમ્પ્યુટિંગમાં ભારતની ક્ષમતાઓને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ ક્રાંતિકારી ટેકનોલોજી નજીકના ભવિષ્યમાં વિશ્વમાં ધરખમ પરિવર્તન લાવશે, આઇટી, મેન્યુફેક્ચરિંગ, એમએસએમઇ અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવશે, નવી તકોનું સર્જન કરશે. ભારત આગેવાની લઈને વિશ્વને નવી દિશા આપવા માટે કટિબદ્ધ છે. મિત્રો, "વિજ્ઞાનનું સાચું મહત્ત્વ માત્ર શોધ અને વિકાસમાં જ નથી, પરંતુ સૌથી વંચિત લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં પણ છે."

## મિશન મૌસમ

જેમ જેમ આપણે ઉચ્ચ તકનીકી પ્રગતિને સ્વીકારીએ છીએ, તેમ તેમ અમે એ પણ સુનિશ્ચિત કરીએ છીએ કે આ ટેકનોલોજીઓ ગરીબો માટે સશક્તીકરણનો સ્રોત બને. ભારતનું ડિજિટલ અર્થતંત્ર, જેનું ઉદાહરણ આપણી યુપીઆઈ પ્રણાલી દ્વારા આપવામાં આવ્યું છે, તે તેનું એક ઉજ્જવળ ઉદાહરણ છે. તાજેતરમાં જ અમે 'મિશન મૌસમ' શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ ભારતને હવામાન માટે અનુકૂળ અને આબોહવા માટે સ્માર્ટ બનાવવાનું અમારું સપનું સાકાર કરવાનો છે. આજે આપણે જે સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, જેમ કે સુપર કમ્પ્યુટર્સ અને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ સિસ્ટમ (એચપીસી), આખરે આપણા દેશનાં ગરીબ અને ગ્રામીણ વિસ્તારોને સેવા આપશે. એચ.પી.સી. સિસ્ટમ્સની રજૂઆત સાથે, હવામાનની આગાહી કરવાની દેશની વૈજ્ઞાનિક ક્ષમતામાં મોટો વધારો થશે. હવે આપણે હાયપર-લોકલ સ્તરે હવામાનની વધુ સચોટ માહિતી પૂરી પાડી શકીશું, જેનો અર્થ એ છે કે આપણે વ્યક્તિગત ગામો માટે પણ ચોક્કસ આગાહીઓ આપી શકીએ છીએ. સુપર કોમ્પ્યુટર જ્યારે કોઈ અંતરિયાળ ગામમાં હવામાન અને જમીનની પરિસ્થિતિનું વિશ્લેષણ કરે છે, ત્યારે તે માત્ર એક વૈજ્ઞાનિક સિદ્ધિ નથી, પરંતુ લાખો નહીં તો હજારો લોકોના જીવનમાં પરિવર્તનશીલ પરિવર્તન છે. સુપર કોમ્પ્યુટર એ સુનિશ્ચિત કરશે કે નાનામાં નાના ખેડૂતોને પણ વિશ્વના સૌથી અદ્યતન જ્ઞાનની પહોંચ મળી રહે. આ પ્રગતિથી ખેડૂતોને, ખાસ કરીને સૌથી દૂરના વિસ્તારોમાં, ગહન લાભ થશે, કારણ કે તેમની પાસે વિશ્વ-કક્ષાના જ્ઞાનની પહોંચ હશે. ખેડૂતો પોતાના પાક વિશે વધુ માહિતગાર નિર્ણયો લઈ શકશે અને માછીમારોને દરિયામાં જતી વખતે વધુ ચોક્કસ માહિતીનો લાભ મળશે. અમે ખેડૂતોને થતા નુકસાનને ઓછું કરવા માટે નવાં માર્ગો પણ શોધીશું, અને તે વીમા યોજનાઓની વધુ સારી સુલભતા પ્રદાન કરવામાં મદદ કરશે. તદુપરાંત, આ ટેકનોલોજી આપણને એઆઈ અને મશીન લર્નિંગ મોડલ્સ બનાવવાની મંજૂરી આપશે જે તમામ હિતધારકોને લાભ આપશે. સ્થાનિક સ્તરે સુપર કમ્પ્યુટર વિકસાવવાની આપણી ક્ષમતા માત્ર રાષ્ટ્રીય ગૌરવનો સ્રોત જ નથી, પરંતુ તે નજીકના ભવિષ્યમાં સામાન્ય નાગરિકોના રોજિંદા જીવનમાં પરિવર્તનશીલ ફેરફારો માટેનો માર્ગ પણ મોકળો કરશે.

# હરિયાણા અને જમ્મુ-કાશ્મીરના પરિણામથી સ્પષ્ટ થાય છે કે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર અને ભારતીય જનતા પાર્ટી પર જનતાને અતૂટ વિશ્વાસ છે – શ્રી સી. આર. પાટીલ




હરિયાણા અને જમ્મુ-કાશ્મીરના ચૂંટણી પરિણામ સંદર્ભે કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે પત્રકાર પરિષદને સંબોધી.

શ્રી સી. આર. પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરના પરિણામ જાહેર થયાં છે. આજના પરિણામથી સ્પષ્ટ થાય છે કે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર અને ભારતીય જનતા પાર્ટી પર જનતાનો અતૂટ વિશ્વાસ છે. ભારતીય જનતા પાર્ટી હરિયાણામાં સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહી છે. હરિયાણામાં ભાજપા સરકારે વિકાસનાં કરેલાં કામોને કારણે જનતાએ ફરી ભાજપને સત્તા સોંપી કામ કરવાની જવાબદારી આપી છે. કોંગ્રેસે ચૂંટણી દરમિયાન સતત નેગેટિવ પ્રચાર કરવા છતાં લોકોએ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે વિશ્વાસ દાખવ્યો છે તે બદલ હરિયાણાની જનતાનો હૃદયથી આભાર માનું છું. આજે હરિયાણાની જીત લોકશાહીની જીત છે. બંધારણમાં વિશ્વાસ મૂકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર ચલાવે છે અને જનતાને મોદીજી પ્રત્યે જે વિશ્વાસ છે તેની જીત છે. કોંગ્રેસનાં જુઠ્ઠાણાંને જનતાએ નકારી દીધાં છે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આતંકવાદ મુક્ત કાશ્મીરની ઝુંબેશ ચલાવી તેના સારા પરિણામ મળ્યાં છે. આજે જમ્મુ-કાશ્મીરની જનતા ભયમુક્ત થઈ જેના પરિણામે આજે ભાજપ ૨૭થી વધુ બેઠકો પર આગળ ચાલી રહી છે જ્યારે કોંગ્રેસ ૬ જેટલી બેઠક પર આગળ છે. જમ્મુ-કાશ્મીરના પરિણામ પરથી સ્પષ્ટ થાય છે કે જનતા વિકાસનાં કાર્યો ઝંખે છે. તેમને મળેલા આઝાદી અને અધિકાર મળે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર વિશ્વાસ રાખ્યો છે. આજે જમ્મુ-કાશ્મીરની જનતાને પણ વિશ્વાસ થયો છે કે તે ભારતનો જ હિસ્સો છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી બનવા જઈ રહી છે.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા યોજાયેલ બેઠક અને કાર્યક્રમની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.